# અર્હદ્યાત્મ



વર્ષ: ૪૭, મે ૨૦૨૫, અંક: ૮

|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની

**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

# ॥ દેવળના ઘંટના અપ્રતિમ સૌંદર્યનું રહસ્ય ॥

એક રાજાએ રાજ્યના એક પ્રસિદ્ધ કારીગરને બોલાવીને દેવળ માટે એક ઘંટ બનાવવાનો હુકમ કર્યો. ઘંટ તૈયાર થયો ત્યારે આખું રાજ્ય તેનાં વખાણ કરવા લાગ્યું. 'ઘંટ અદ્ભુત છે, દિવ્ય છે, ખૂબ સુંદર છે, તેનો અવાજ અત્યંત કર્ણમધુર છે.' રાજાએ પણ દરબારમાં કારીગરને બોલાવી તેનું બહુમાન કરી, ઈનામ આપ્યું. પછી પૂછ્યું; 'આવો ભવ્ય ઘંટ તેં બનાવ્યો કઈ રીતે ?'

ત્યારે કારીગરે કહ્યું; હું કોઈની પાસે ઘંટ બનાવવાનું શીખ્યો નથી. પરંતુ ઘંટ બનાવતાં પહેલાં મેં ત્રણ દિવસ ઉપવાસ કર્યા. ત્યારે મેં ધ્યાન કર્યું. તેનાથી ચિત્તશુદ્ધિ થઈ. દ્રવ્ય કે માન મેળવવાની ઈચ્છા જ ચાલી ગઈ. ચોથે દિવસે ફરી ધ્યાનમાં બેઠો ત્યારે 'ઘંટ હું બનાવીશ' એવી ભાવના નષ્ટ થઈ. પાંચમે દિવસે વખાણ ને વગોવણી વચ્ચે ભેદ જ ન રહ્યો. છઠ્ઠા દિવસે કળા કે કારીગરી અંગેના બધા જ પ્રશ્નો શમી ગયા.

સાતમા દિવસે મન એટલું બધું શાંત થઈ ગયું કે, એ નિર્વિચાર બની ગયું. આ દેહનું પણ ભાન ન રહ્યું. એવી સ્થિતિમાં હું જંગલમાં ફર્યો. એક ઉત્તમ વૃક્ષ શોધી એની સામે કેટલીયે વાર બેસી રહ્યો. તેની સાથે તાદાત્મ્યનો ભાવ અનુભવ્યો ત્યારે એને કાપ્યું. ત્યાર પછી તેમાં મારી પૂરેપૂરી શક્તિ રેડી અને મન, વિચારો એમાં જ પરોવી દઈ ઘંટ બનાવવાનું શરૂ કર્યું. ત્યારે મને બીજા કશાનું ભાન રહ્યું નહિ. છેવટે ઘંટ તૈયાર થયો. જેને બધા 'સુંદર-અપ્રતિમ' કહી વખાણે છે.

મને તો લાગે છે કે કોઈ આપણી અંદરથી પ્રેરણા આપીને આવું કાર્ય કરાવે છે.

**–ઝેનકથા**

**(સં.નીલરત્ન દેસાઈ)**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||   || ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ||

# || અધ્યાત્મ ||

# (મે ૨૦૨૫)

## || સાચો સાધક ||

મોટે ભાગે માણસ તરડાયેલા ઘંટ જેવો વર્તે છે. બોદો અવાજ, બે ભાગમાં વહેંચાયેલું મન, બંને બાજુ પગ રાખે. સાચા સાધકનો રણકો કાંઈ ઑર હોય છે. શ્રદ્ધાથી, દૃઢતાથી, પૂર્ણતાથી અવાજ કાઢે. ડગ માંડે, સ્વસ્થ ઊભો રહે. અડગ, અફર એનું વર્તન હોય. એ દ્વિધામાં નહિ, અખિલાઈમાં જીવે.

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૭ |
| ૧ | શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ | પૂ.શ્રી'મા'નું સર્વસમાવેશક તત્ત્વ | સંકલન | ૯ |
| ૩ | 'સ્વર્ગારોહણ'માં સાધનાપર્વ | શ્રી અશ્વિન કાકા | ૧૧ |
| ૪ | 'સાધનાશિબિર'માં સત્સંગસુધા | સંકલન | ૧૮ |
| ૫ | પ્રાચીન ભારતમાં સમયયાત્રાના પ્રયોગો | શ્રીયોગેશ કવીશ્વર | ૪૨ |
| ૬ | 'સ્વર્ગારોહણ' તીર્થભૂમિનો પ્રભાવ | શ્રીમીરાં અમૃતિયા | ૪૫ |
| ૭ | દક્ષિણેશ્વરનાં દર્શન | શ્રીઈશ્વરભાઈ પરમાર્થી | ૪૭ |
| ૮ | કબીર : ઉચ્ચસ્તરની ચેતનાનો મહાધોધ | સંકલન | ૫૩ |
| ૯ | ત્રણ પ્રતિભાવંત નારીરત્નો | નારીકોશ (ગુ.વિશ્વકોશ ટ્રસ્ટ) (સાભાર સૌજન્યસ્વીકાર) | ૫૯ |

**નિવેદન** : 'સ્વર્ગારોહણ' એક દીક્ષાકેન્દ્રની મહત્તા ધારણ કરે છે.

શ્રીકૃષ્ણ કહે છે : 'કેવળ આત્મતેજ વધારવા જ નહિ, સમગ્ર સૃષ્ટિનું તેજ વધારવા તપ પ્રયોજવાનું છે.' પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી તેમજ પૂ.શ્રી'મા' પણ આત્મકલ્યાણ કરીને અટકી નથી ગયાં. 'સ્વર્ગારોહણ'માં વિશ્વકલ્યાણનો એક અખંડ અગ્નિકુંડ પ્રગટાવ્યો છે; જેમાં નિત નવા યજ્ઞોની આહુતિઓ અર્પી અર્પી ધન્ય થઈ રહ્યાં છે, જગતને ધન્ય કરી રહ્યાં છે.

પૂ.શ્રી'મા' હરપળ સાધનારત રહી, સાધનાનાં નવાં નવાં અભિયાનો દ્વારા માનવજીવનની ઉચ્ચાતિઉચ્ચ સંભવિતતાઓને ચીંધી, ભૌતિક-ક્ષણિક જીવનની વ્યર્થતાની સામે દિવ્યતાની શાશ્વતી ઉપસાવી સાર્થકતાની દિશા સંકેતી રહ્યાં છે. શાબ્દિક ઉપદેશ દ્વારા નહિ, મૌન નિદર્શન દ્વારા અધ્યાત્મની એક નૂતન, વૈજ્ઞાનિક આબોહવાનું નિર્માણ કરી રહ્યાં છે.

ભક્તો માટે વિવિધ સાધનાશિબિરો યોજી, તન-મનના શુદ્ધીકરણના, નિયંત્રિત આહારવિહારના માર્ગે શિસ્ત, સંયમ, પ્રમાદમુક્ત, જાગૃતિથી, આંતરજગતની પહેચાન કરાવી રહ્યાં છે, ક્યાંય પણ નીરસતા, યાંત્રિકતા, જડતા નહિ, સર્વત્ર પ્રસન્નતા, આનંદ, રસની લહાણ કરતા કાર્યક્રમો યોજી સર્વને સાધનાનો અનોખો પરિતોષ અર્પી રહ્યાં છે.

ભારતીય શિક્ષણપ્રણાલીમાં હજારો વર્ષોથી શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ સંસ્કારપ્રદાનનો હતો તેના પર ચઢી ગયેલી વિસ્મૃતિની ધૂળ ઝાટકી, પૂ.શ્રી'મા'એ હમણાં જ 'યજ્ઞોપવિત પર્વ' પોતાની લાક્ષણિક રીતે સ્વર્ગારોહણમાં નવ બટુકો માટે યોજી, જનોઈના ત્રણ દોરા એટલે પિતૃઋણ, ગુરુઋણ અને દેવઋણનું પ્રતીક સમજાવી. 'જનોઈ' એટલે બીજો જન્મ-દ્વિજત્વ. પહેલો જન્મ માતપિતાને ત્યાં, બીજો ગુરુગૃહે-શિક્ષણ-સંસ્કાર દ્વારા એ અર્થ સ્પષ્ટ કર્યો. અને સાથે જ ત્રણ દોરાની લંબાઈ, ચાર આંગળીની પહોળાઈથી ૯૬ ગણી હોવી જોઈએ. એનો ધ્વનિ એ કે મનુષ્યનું આયુષ્ય સરેરાશ સોનું, એમાંથી ચાર ગયાં, ૯૬ રહ્યાં ! એટલે 'અધ્યાત્મ પ્રકાશ તરફ આગળ વધ' આવા સુંદર સંકેતો પૂ.શ્રી'મા' આયોજિત જનોઈના પર્વમાં સમગ્ર સ્વર્ગારોહણમાં પ્રસરી રહ્યા.

આમ, પૂ.શ્રી'મા'ના અનુગ્રહથી 'સ્વર્ગારોહણ' તીર્થ અનેક દિશાહીનોને દિશા ચીંધતા એક 'દીક્ષાકેન્દ્ર'નું માહાત્મ્ય ધારણ કરી રહ્યું છે. આપણી ઉજ્જવળ પરંપરાની ગરિમાને ઑર નિખારી રહ્યું છે.

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

## તા.૫/૬/૧૯૮૩, રવિવાર. વૈશાખ વદ નોમ, વિ.સં.૨૦૪૦
## સ્થળ : ઋષિકેશથી દહેરાદૂન.

સવારે નવ વાગ્યે ઋષિકેશથી દહેરાદૂન આવવા નીકળ્યાં. સાડા દસે ૪૩ કિલોમીટરનું અંતર કાપીને આવી ગયાં. બંગાલ સ્વીટ શોપવાળા શ્રીલલિતાપ્રસાદજીના ઘરે પહોંચ્યાં. એ પરિવાર ખૂબ સેવાભાવી અને પ્રેમાળ સંતપ્રેમી છે. પૂ.શ્રી વરસોથી એ પરિવારને જાણે છે. દર વરસે મસૂરી આવે ત્યારે દહેરાદૂન આ પરિવારમાં જ ભોજન લે. પછી મસુરી જાય.

આજે પણ અહીં ભોજન લેતા પહેલાં સત્સંગ શરૂ થયો. જેમાં સાઉથ આફ્રિકાની, ગુજરાતની, ધ્યાનકેન્દ્રની, માતાજીની માંદગીની વાતો થઈ. સિમલા હીલ્સના શ્રીશાલીગ્રામજી પણ મળ્યા. વળી દિલ્હીના એક ડૉક્ટર પતિપત્ની પણ પૂ.શ્રીને મળે છે. સાથે આવનાર ભાઈબેનો ટપકેશ્વર મહાદેવનાં દર્શને જઈ આવ્યાં.

ભોજન બાદ થોડો આરામ કર્યો. સાંજે ફરીથી સાડા પાંચથી સત્સંગ શરૂ થયો. જેમાં પૂ.શ્રીએ ત્રણેક હિન્દી ભજનો સંભળાવ્યા. ભજનોનો અર્થ પણ સમજાવ્યો. થોડો બીજો પણ વાર્તાલાપ થયો. સાડા દસ વાગ્યે આરામ. સાંજે દૂધ ને કેળાં પૂ.શ્રીએ લીધાં. સવારે પૂ.શ્રીએ ભોજનમાં રસમલાઈ નામની મીઠાઈ ને કઢીભાત લીધાં.

આજકાલ પૂ.શ્રીને ભોજનમાં ખાસ કંઈ રુચિ થતી નથી. ભોજનના વિવિધ પદાર્થો છોડીને પૂ.શ્રી કોઈ નવી જ વાનગી પસંદ કરે છે. આજે અહીં રહેવાનો તો કોઈ કાર્યક્રમ જ ન હતો. પરંતુ શ્રીલલિતાપ્રસાદજીના આગ્રહને વશ થઈ પૂ.શ્રીએ અહીં જ રોકાવાનું નક્કી કર્યું. રાતે આરામ.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**—શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ પૂ.શ્રી'મા'નું સર્વસમાવેશક તત્ત્વ ॥

ભૂત-ભવિષ્ય નહિ, સાંપ્રતનો મહિમા. પણ ભૂતકાળના પાયા પર વર્તમાન ઊભો રહે છે, જે ભવિષ્ય તરફ ઉન્મુખ હોય છે. ત્રણે કાળનું પોતાનું ગૌરવ, પોતાનો મહિમા છે. એટલે ત્રણે કાળનાં શુભ તત્ત્વોનો સમન્વય-ત્રણેની સમરસતા જ સાચા જીવનનો પર્યાય બની રહે. વર્તમાનની પળને ભૂતના ભારથી કે ભવિષ્યની ચિંતાથી બોઝિલ ભલે ન બનાવીએ, એને મુક્ત, હળવી રાખીએ પણ બંનેના સંદર્ભમાં આ પળનું મહત્ત્વ-મૂલ્ય આંકી શકાય તો જ અખંડ જીવનતત્ત્વની સુગંધ સાંપડે. વળગણ-આસક્તિ-પળોજણ-કાલગ્રસ્ત-કાલજન્ય બળોથી મુક્તિ સંપૂર્ણ ઇચ્છનીય જ છે. પણ સૂકા ભેગું લીલુંય બળી જાય, એ જોવાની જવાબદારી આપણી છે.

પૂ.શ્રી'મા'માં કાળતત્ત્વ અખંડ, એકરસ. એમના અસ્તિત્વમાં ત્રણે કાળ સમરસ ! આધિપત્ય કોઈનું નહિ, કશાનું નહિ.

આવકાર સર્વનો-સર્વદા-સર્વત્ર, અનાદરનું નામનિશાન નહિ એ 'મા'ના અસ્તિત્વની સંપૂર્ણ સાચી ઓળખ છે ! આને કાળજયી, અમર સત્ત્વ કહી શકાય.

બીજું, કીર્તિ, પ્રશંસા-પ્રશસ્તિવચનની કોઈ લહેર એમના સુધી પહોંચે જ નહિ એવા અહંકારરહિતતાના દુર્ગમાં એકે કાંકરી, ખરી જ ન શકે, પ્રત્યાઘાત-પ્રતિભાવ પામ્યા વિના એ પીછે હટી જાય-'પિછે મુડ' about turn ! ઉચ્ચરિત શબ્દો તો નહિ જ, કદરદાનીની કોઈ નજર સરખી પણ ત્યાં ટકી ન શકે, એવી આત્મલીનતા (દા.ત. નિમિલિતાનેત્રા; અશ્રવણતા) એમને સહજ ! વખાણ ઝીલવા જેટલોય ઉમળકો ક્યાંય ન જણાય એવી જાતનિરપેક્ષતા ! ક્યાંય કોઈ પ્રકારનો દાવો નહિ, હક નહિ; કેવળ કર્તવ્યનિષ્ઠા.

પોતાને માટે ભૂલથી પણ ક્યાંય સંત-અસાધારણ-વિશેષ-નામ/પદનો ઉલ્લેખ કર્યો નથી, કરવા દીધો નથી. ઉલટાનું બીજાની-સામાની-આજુબાજુનાં સર્વની નાની-મોટી વિશેષતાઓને વીણી-વીણીને, ચૂંટી-ચૂંટીને એની ભરપૂર સરાહના કરવાનું કદી ચૂકતાં નથી. સ્વયં સામાન્યથી પણ સામાન્ય હોવાનું વાયુમંડળ ઊભું કરવામાં માહેર !

વિનમ્રતા-સો ટચનું સોનું !

ગુરુભક્તિ તો ન ભૂતો ન ભવિષ્યતિ સદ્‌ગુરુ માનવીયતાના ઊર્ધ્વતમ ક્ષેત્રે. તો સદા બિરાજમાન જ હોય પણ દેવત્વના ઊર્ધ્વ આસને પ્રતિષ્ઠિત કરી રહે. સ્વયં પણ એટલાં જ સમર્થ છતાં કદી આગળ તો નહિ જ (પૂજ્યશ્રી એમને આગળ કર્યા કરે પણ) પાછળ જ રહે. છેલ્લે જ રહે. આ એમનું સહજ શીલ !

સદ્‌ગુરુનો પ્રાણપરિમલ સતત મહેકતો રાખવા-કદાચ શ્રીયોગેશ્વરજી આ પૃથ્વી પર જેટલાં વર્ષો રહ્યા એટલાં વર્ષો નહિ જીવ્યા હોય, એવું જીવન-જીવિત-તત્ત્વ અત્યારે એમની સહજ સ્મૃતિ, પ્રત્યેક પળનું સ્મરણ-રટણ ધબકતું સંભળાય છે. શ્વાસલીલા સમાપ્ત થયા પછી, આટ-આટલાં કાળનાં વહેણ વહી ગયા પછી પણ એમનું હોવું-ન હોવું કદી થયું નથી, પ્રેમનો આ મોટામાં મોટો ચમત્કાર ! કાળના દીર્ઘ પથરાટ પરની રેત ખંખેરી-ખંખેરી-એમાં ભળેલી સુવર્ણરજો સંચિત કરી-કરી, વિશ્વ સમક્ષ એની દ્યુતિ, એની ચમક પ્રગટ કરવી, એ માટે પોતાની સમસ્ત શક્તિ ખર્ચવી. તન-મન-પ્રાણથી ! અદ્‌ભુત-just amazing !!!

બારાખડીનો એક અક્ષર, બીજા અક્ષરને ઉપસાવવા પોતાનું અન્ અસ્તિત્વ સિદ્ધ કરવામાં કોઈ મણા ન રાખે અહો આશ્ચર્યમ્ !

—અને આ બધો પરિશ્રમ દિવંગત પાછળ ! જે સદેહે કદી પાછા ફરવાના નથી. જોવા-જાણવા-પરખવા-એને માટે જીવનભર પરીક્ષાઓ-કસોટીઓ આપ્યા જ કરે. અઘરામાં અઘરું પ્રશ્નપત્ર, એનાથીય અઘરી ચકાસણી અને એમાંય ઉત્તીર્ણ-અનુત્તીર્ણની હોવાની કોઈ પરવા નહિ, માત્ર, કસોટીની સરાણે જાતને મૂકી-મૂકીને, શુદ્ધ કુંદન પુરવાર થાય છે, પણ એમ કરવાનીય લેશ લાલસા વિના !

પૂર્ણ પવિત્ર, શાંત-સ્થિર પ્રેમહુતાશનની જ્યોત અખંડ ! યાદ રહે, અખંડ દીપ નહિ, અખંડ જ્યોત !!

સંગ છતાં અસંગ ! સદ્‌ગુરુદેવનો સંપૂર્ણ પ્રભાવ છતાં મુક્ત-સ્વાધીન-સાધનાનો રાહ પોતાનો આગવો ! પ્રકૃતિ બિલકુલ અલગ ! Asserting બિલકુલ નહિ. સ્નેહ સહજ-પારદર્શક.

**—સંકલન**

## ॥ 'સ્વર્ગારોહણ'માં સાધનાપર્વ ॥

### (તા.૧૪/૦૧/૨૦૨૫ થી તા.૧૯/૦૧/૨૦૨૫)

હે 'મા', આ 'સ્વર્ગારોહણ' તીર્થનું નામ જ સાર્થક છે. જે આવા પર્વનું સાક્ષી બની ઊભું રહ્યું છે. પૂજ્ય શ્રી'મા'નાં અબજો જપ અને વ્રત-તપનું સાક્ષી પણ રહ્યું છે. જે જે સાધકો પોતાના જીવનમાં સ્વર્ગીય સુખની મનોકામનાથી પ્રેરાઈને જે જે સાત્ત્વિક સંકલ્પો લે છે તે સૌ સંકલ્પો પૂરા કરવા આ તીર્થના દેવ દ્વારે ઊભા ઊભા કૃપાઆશિષ વરસાવ્યા કરે છે. અને સંકલ્પો પૂરા કરે છે. તે વાતનો કોઈ પણ સાધક અસ્વીકાર કરી શકે તેમ નથી. આ ભૂમિ સંકલ્પોની ભૂમિ છે. પાંચ પગલાં પાડીને આ મહાતીર્થનું સર્જન એ સર્જનહારે કરી જ દીધું છે. તો બીજી બાજુ એ મહાતીર્થમાં વસીને સાધનાનાં ક્ષેત્રે અનેક અવનવા પ્રયોગો કર્યા જેમાં ૨૬ કરોડ જપના અર્ઘ્ય અર્પણ કર્યા છે. હજારો દિવસના નિર્જળાવ્રત અર્પણ કર્યા છે. પોતાની વાણીને પણ વિરામ આપી પૂજ્ય શ્રીની દિવ્ય વાણીનો વિસ્તાર કર્યો છે. એ તીર્થના દેવને પોતાની નિદ્રા પણ અર્પણ કરી દીધી. પોતાના જીવનમાં સૌ પ્રથમ પૂછેલા સાધનાત્મક વિકાસ માટે પ્રશ્નના મેળવેલ ઉત્તર પ્રમાણે જ જાણે જીવનની યોજના બની ગઈ ૧૦ માળા સવારે અને ૧૦ માળા સાંજના કે પછી રાત્રે ૧૨ થી ૪માં કે સુતાં પહેલાં એટલે પૂજ્ય શ્રી'મા'ને અલ્પ નિદ્રાધીન થતા પણ મળસ્કે ૪ તો થતા જોયા છે. અખંડ ગુરુભક્તિ અને અખંડ ગુરુ સમર્પણની એક મિશાલ આ જગમાં કાયમ કરી શક્યા છે. એમના સમર્પણની તોલે આ દુનિયાની કોઈ વ્યક્તિ આવે એમ નથી. પોતાના આ સ્થૂળ દેહે લેવાતા પ્રત્યેક શ્વાસની માલિકી

પણ જે પોતાના સદ્‌ગુરુદેવની જ ગણે છે. એવા સમર્પણને વરનાર પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરી એમની સાચી સંપત છે.

આપણે સૌ સાધકો તો પૂજ્ય શ્રી'મા'ને ભગવાન જ ગણીએ છીએ. અને દરેકના દિલના દેવ તરીકે પૂજ્ય શ્રી'મા' સદા પ્રસ્થાપિત થયેલાં જ છે. અને સ્મિતના શણગાર સજીને સાધકોની પ્રત્યેક પરિસ્થિતિને સાવ હળવી કરવાનો હુન્નર તેમાં સતત દેખાઈ રહ્યો છે. એ નિર્દોષ હાસ્ય એ પ્રેમ છે. પ્રેમનું વાહક છે. ચુંબક છે. જે પ્રત્યેક સાધકને પોતાની સાથે પ્રેમથી દોરીથી બાંધી રાખે છે. આટલી યુવાન (હાલ ૮૨ વર્ષની ઉંમર છે છતાં) વયે નવા નવા સાહસના પ્રયોગો કરે છે અને સૌને તે પ્રયોગો કરવા સજ્જ કરે છે. ૨૦ ડિસેમ્બર ૨૦૨૪ થી રોજ એક કલાકની દોડ તે તેમની ચિરયુવાનીનું પ્રતીક ગણી શકાય. સાથે દોડતા યુવાનોના પ્રત્યેક શ્વાસને ફૂલતા જોઈએ અને વારંવાર દોડમાંથી બહાર નીકળતા જોઈએ ત્યારે અચૂક બધાનાં મુખમાંથી આ જ શબ્દો સરી પડતા જોઈ શકાય.

આવા પૂજ્ય શ્રી'મા'ની દીક્ષાદિનની ઉજવણી માટે આ સાધનાપર્વનો પવિત્ર વિચાર શ્રી રાજુભાઈને પૂજ્ય શ્રી'મા'ની જ દિવ્ય પ્રેરણાથી આવ્યો અને સાધનાપર્વનું આયોજન થયું.

આ પર્વ માટે ૭૬ જેટલા સાધકોનાં નામ આવ્યા હતા અને સૌ તે માટે સજ્જ હતાં પાનખર અને વસંતની હરિફાઈમાં વસંત હારી અને પાનખરની જીત થઈ હતી. જેમની શારીરિક સમસ્યાઓ અનેક ઘણી છે. દવાઓના સહારો હોવા છતાં શ્રી 'સ્વર્ગારોહણ' તીર્થના પોકારને ઝીલી પોતાની ફરજ સમજી હાજર થયાં છે. સાધનાપર્વમાં સહભાગી થવા સજ્જ થયાં એ સૌને પૂજ્ય શ્રી'મા' પર અતૂટ વિશ્વાસ છે. કે પૂજ્ય શ્રી'મા'ના

સંકલ્પ છે થઈ જશે. વગર અનાજે પણ જીવી જવાશે. વગર મોબાઈલે પણ જીવી શકાશે. વગર વાણીએ પણ રહી શકાશે. વગર પાણીએ પણ જીવી શકાશે. નિર્બળ પગથી પણ દોડી શકાશે. અને વગર સંપર્કે પણ જીવી લેવાશે. તો કેટલીક વસંતને પૂજ્ય શ્રીપ્રભુએ અનુકૂળતા ધરી છે. તો તે સૌ પણ હાજર થયાં છે. પૂજ્ય શ્રી'મા'ને શા માટે આવાં પર્વો રાખવાં પડે છે. કારણ પૂજ્ય શ્રી'મા' આપણને સૌને પાત્ર બનાવી પીરસવા માંગે છે. અને આ છપ્પન ભોગનો સ્વાદ ચખાડવાની ઈચ્છા રાખે છે. પૂજ્ય શ્રી'મા'એ જ પોતાની શ્રી હરિની શબ્દ-યાત્રામાં વર્ણવ્યું છે. કે આપની પાસે ગમે તેટલાં શક્તિશાળી સદ્ગુરુ હોય તો પણ પાત્રતા તો તમારે જ પ્રાપ્ત કરવી પડે અને એ પાત્રતા મેળવ્યા પછી પ્રભુકૃપાનો અનરાધાર વરસાદ વરસવાનો છે જ.

આપણે ગાઈએ છીએ. કે, 'હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને, પ્રથમ પહેલાં મસ્તક મૂકી વળતી લેવું નામ જોને...' કવિશ્રી પ્રીતમદાસની આ પંક્તિ છે. જે અનેકને પ્રેરણા ધરે છે. અને ઢીલાપોચા મનના માનવને હિંમત આપવાનું કામ કરતી રહે છે.

અને ધીરાભગત પણ કહે છે, 'મળ્યો મનુષ્ય અવતાર માંડ કરીને, તમે ભજ્યા નહિ ભગવાન હેત ધરીને તેથી ખાશો જમના માર પેટ ભરીને, માટે રામ નામ સંભાર' આવા પ્રેરણા-દાયક કાવ્યપંક્તિઓને પોતાના પ્રવચનમાં સ્થાન આપીને પૂજ્ય શ્રી ગુરુભગવંત શ્રી યોગેશ્વરજી સતત સૌ સાધકોને પ્રભુનામ ભજવા સતત જગાડતા રહ્યા છે. અને આપણે સ્વર્ગારોહણતીર્થમાં જોઈએ છે. કે મોટા ભાગે એક જ રુટીન

હોય છે જો કોઈકને એમ પણ થતું હોય કે રોજ રોજ એક જ પ્રકારની સાધના શા માટે ? તો એના જવાબમાં એમ કહી શકાય કે જેમ આપણા શરીરને જીવંત રાખવા માટે મોટા ભાગે એક જાતનો ખોરાક લેવામાં આવતો હોય છે. તેમ આ તીર્થને જીવંત રાખવા માટે એ તીર્થને ખોરાક પૂરો પાડવો પડે તો જ એ તીર્થ જીવંત રહે એ ખોરાક તે તીર્થમાં વસતા ૩૩ કરોડ દેવતાઓનો ખોરાક છે. તેમની સ્તુતિ અને નિત્ય પાઠપારાયણ કરીને તેમના જીવનને રોજ રોજ પ્રણામ કરી શકાય. એ સ્તુતિની દરેક લીટીઓ જીવંત બની અને એ તીર્થના દેવના સદ્‌ગુણો યાદ કરાવતી રહે છે. અહોભાવ પેદા કરતી રહે છે. પણ એ એટલા જ ભાવથી ગવાવી જોઈએ. સમજપૂર્વક એના દરેક શબ્દોનું ગાન કરવું જોઈએ અને એને જાણે કોઈ વીડિઓ દર્શન કરતાં હોઈએ તેમ તેનું દર્શન દરેક શબ્દે કરતા જઈએ તો ક્યારેય કોઈને અન્ય વિચાર સરખો પણ નહિ આવે.

આ સાધનાપર્વમાં ત્રિવેણી સંગમ હતો જેમાં શ્રીજ્ઞાનામૃત, શ્રીકથામૃત, શ્રીપડદાઓથેપ્રભુ, અને બીજો ત્રિવેણી સંગમ હતો એ પૂજ્ય શ્રી'મા'ની સ્લેટ, પૂજ્ય શ્રી'મા'ની દિવ્ય અનુભૂતિઓના પ્રસંગ, અને પૂજ્ય શ્રી'મા'ની સતત સુખદ સંનિધિ, આપણે જોઈએ છીએ ઘણા જન્મોના સંસ્કાર આ જીવમાં પડેલા હોય છે. એટલે આપણું મન જલદી સાધના માટે તૈયાર થતું નથી. મન સતત બહારના વિષયોપભોગ તરફ આપણને દોરી જવાની કોશિશ કરે છે. અને બીજું છે આપણી ટેવો આપણે જેનું નિત્ય સેવન કરીએ છીએ તે જ ટેવો આપણા મનને સતત બીજી બાજુ દોર્યા કરે છે. એટલે ગમે તેવી ભાવતી વસ્તુ મફતમાં મળતી હોય તો પણ તે વધારે ખાવી નહિ અને જો

તે મૂલ્ય ચૂકવીને ખાવાનું હોય તો આપણે જરી વિચાર કરીને ખાઈએ. પણ એ તમારી માન્યતા છે. જે તમે મફતમાં ખાધી હોય તે હકીકતમાં ખૂબ મોંઘી સાબિત થાય છે.

આપણા સાધનાપર્વમાં પૂજ્ય શ્રી'મા'નાં સાધનાના સમયપત્રકમાંથી એક વિચાર આવ્યો છે એક સમયપત્રક બનાવી તે પ્રમાણે આ જીવનમાં નિયમિત સાધના કરવાનો પ્રયોગ કરી જોઈએ. જેથી આપણે જ આપણા ચોકીદાર બની આ કાર્યો કરી શકીએ છે કે નહિ તે ખબર પડે. આપણી જાત કેવાં કેવાં પોત પ્રકાશે તે પણ જોઈએ શકીએ. પૂજ્ય શ્રી'મા' એ કરેલી મૌન મંદિરની સાધના પણ ઘરે એક બંધ ઓરડામાં પુરાઈને એક દિવસ માટે કરી જ શકીએ. આપણે જ આપણી જાતને સંયમિત કરી જીવન જીવવાનું છે.

હું આ સાધનામાં રત રહ્યો તો પાંચ દિવસમાં ૨ લાખ જપ કરી શક્યો, ગયા વર્ષ સુધી ૫ મિનિટ પણ પદ્માસન વળતું નહોતું તે આજે ૫૦ મિનિટ સુધી થઈ શકે છે. આજે એક કલાક પૂજ્ય શ્રી'મા' સાથે દોડી શકાય છે. આ શરીર એ અનેક શક્યતાઓથી ભરેલું છે. એવું અનુભાય છે. અને આપણે ડગલે અને પગલે પૂજ્ય શ્રી'મા'નું જીવન જોઈએ ત્યારે એ અહેસાસ સૌને ચોક્કસ થાય જ છે કે પૂજ્ય શ્રી'મા'એ પોતાના દેહ પાસેથી પટાવી પટાવી કેટકેટલું કામ ખોરાક પાણી આપ્યા વગર ખાલી વખાણી વખાણી સમજાવી એની સાથે વાત કરી કરાવી લીધું છે. આપણી નજર સમક્ષનો જ અનુભવ છે.

સાધનાક્ષેત્રે વાતોથી કાંઈ વળે નહિ. એ સમજાયું. આ પાંચ દિવસના સાધનાપર્વમાં પૂજ્ય શ્રી પ્રભુ પાસેથી રોજબરોજના જીવનમાં પણ સમય કાઢી મૌન રાખવાનુ અને જપ કરવા અંગે અને

પ્રભાતે વહેલા ઊઠવા અંગે અને રાત્રે ધ્યાન કરવા અંગે અને રોજનીશી લખવા વિશે આપણું ધ્યાન સતત દોરતાં રહે છે. આ સાધનાપર્વથી પૂજ્ય શ્રી પ્રભુની પ્રસાદી ૩૪ વર્ષ બાદ અમને પ્રાપ્ત થઈ. હજુ તો પાંચ દિવસ પલાંઠી વાળી બેઠા તેમાં તો પૂજ્ય શ્રી'મા' એ છપ્પન ભોગના જાણે થાળ ધરી દીધા. અને પૂજ્ય શ્રી'મા'નો રાજીપો જોઈને એમ થાય કે આવા સાધનાપર્વ દરેક મહિને ઉજવાવાં જોઈએ જ અને દરેકે સતત એનો લાભ લેવો જોઈએ જ એવું પ્રતીત થાય છે. પૂજ્ય શ્રી'મા'ના ચરણે આવ્યા પછી કોઈ પણ સાધકો એવા રહ્યા નહિ જ હોય કે જે ભૌતિક સંપત્તિથી સંપન્ન થયા ના હોય. તો એની સામે આપણા સૌની પણ એક નૈતિક ફરજ થાય છે. તેના માટે આભાર વ્યક્ત કરવા માટે પણ પર્વમાં હાજર રહેવું જોઈએ. પૂજ્ય શ્રી'મા'ની પ્રત્યક્ષ હાજરીમાં જેટલા બને તેટલાં જીવન- ઉપયોગી ભાથા બાંધી લેવા જોઈએ. સાધન, ભજન, પાઠ, પારાયણ, પ્રણામ, જપ, તપ કરી લેવાં જોઈએ. પૂજ્ય શ્રી'મા'નાં દર્શન માત્રથી અનેક જન્મોના પાપોનો ક્ષય થઈ જતો હોય તો, એમની નજર સમક્ષ પ્રત્યક્ષ સાધના કરવાથી શું ના મળે ? વિચારજો આમાં ફાયદો કોનો ? પૂજ્ય શ્રી'મા'ને શું ગરજ છે ? પૂજ્ય શ્રી'મા' તો સાધનાના સર્વોચ્ચ શિખરે બિરાજમાન છે. પણ પૂજ્ય શ્રી'મા' પણ જનતા જનાર્દનની સેવાનો ભેખ ધરીને આ પૃથ્વી પર પ્રગટ થયાં છે. તેઓ કરુણાના સાગર છે. પૂજ્ય શ્રી'મા' પ્રગટ પરમાત્મા છે. પૂજ્ય શ્રી'મા' સતત આપણા સૌ સાધકોના ઉત્કર્ષ માટે મથતા રહે છે.

આ સાધનાપર્વે ઘણાં સંસ્મરણો આપણને ધર્યા છે. અને ઘણું કરવાની પ્રેરણા પણ ધરી છે. આપણે પા પા પગલી પાડવાની

કોશિશ તો કરીએ અને ત્યારે જો પડતા હોઈએ એવું લાગે ત્યારે પૂજ્ય શ્રી'મા' આપણી આંગળી પકડી લેશે. અરે આપણને પડવા નહિ જ દે ! અરે આપણને ઊંચકી પણ લેશે જ. આ 'મા' આપણા સૌના જીવનના સુધાર માટે પોતાના તન મન ધનથી પ્રયત્ન કરે છે અને આપણને આગળ ને આગળ કલ્યાણપથ પર દોરવાની કોશિશ કરતાં રહે છે. પૂજ્ય શ્રી'મા'ના આ સાધનામાં કહેવાયેલા શબ્દો આપણા જીવનમાં ઉતારીએ. અને જીવન ઉન્નત બનાવવાના પ્રયત્નો આદરીએ. પૂજ્ય શ્રી'મા'એ આપણને સૌને એક સંદેશો ધર્યો છે. 'નિરાશ ના થશો...' તો આપણે એ શબ્દોને સાર્થક કરીએ જીવનના કોઈ પણ ક્ષેત્રે નિરાશ થયા વગર સતત મથ્યા કરીએ તો કંઈક તો મળશે જ. "જે મનને જીતે તે જગ જીતે" તે આપણે સાર્થક કરવાનું છે. આપણે એક એક નાનું ડગલું ભરવાની કોશિશ કરીશું તો આગળ પૂજ્ય શ્રી'મા' હજાર પગલાં ભરવા ઊભાં જ છે. તું ભરી તો જો ! તું કરી તો જો પૂજ્ય શ્રી'મા' પડખે આવીને ઊભાં જ રહેશે આપણને સાચવવા માટે. આપણા આ જીવનની સાંજ ક્યારે ઢળી જશે એ ખબર નથી. અને તે ઈશ્વર સિવાય કોઈને જ ખબર પડતી નથી તો આજના દિવસને જીવનનો છેલ્લો દિવસ 'મા'ની સાધન, ભજન, જપ, તપ, પ્રણામ, પ્રાર્થના કરી લઈએ અને તે કરવામાં પૂજ્ય શ્રી'મા' સતત સહાયક બની આપણા સૌને પડખે આવીને ઊભાં જ રહે આપણને સૌને છત્ર ધરતાં જ રહે એ જ પૂજ્ય શ્રી'મા'ના શ્રી ચરણે પ્રાર્થના.

**-શ્રીઅશ્વિન કાકા**

# ॥ 'સાધનાશિબિર'માં સત્સંગસુધા ॥

## (૧૪/૦૧/૨૦૨૫ થી ૧૮/૦૧/૨૦૨૫)

શિબિરનો પ્રથમ દિન પ્રાતઃ સાત વાગે ધ્યાનની બેઠકથી પ્રારંભ પામે છે. સ્વર્ગારોહણની આચારસંહિતા પ્રમાણે વંદના, પ્રણામ ને દૂધ વગેરેનો ક્રમ પૂર્ણ થતાં અડધો કલાક વ્યક્તિગત સાધના અને તે પછી અડધા કલાકની આરોગ્યયાત્રા.(ધીમી દોડ)

તે પછી પ.પૂ.શ્રીયોગેશ્વરપ્રભુજીની પ્રીટોરિયા, ૯, ૧૦, ૧૧ જાન્યુ. ૧૯૮૩ની 'શાંતિનો સરળ ઉપાય' વિષય પરની DVDનું દર્શન તેમજ પૂ.શ્રી'મા' રચિત 'શ્રીયોગેશ્વરકથામૃત'માંથી તા.૧૫/૦૫/૧૯૮૧ની ૮મી ધ્યાન સાધનાશિબિરની (લો કૉલેજ નવરંગપુરા) નોંધ શ્રી મયૂરીબહેન વાંચે છે અને પોતાની રીતે સમજાવે છે.

DVD દર્શનમાં શ્રીપ્રભુજી કહે છે - ભક્તિમાર્ગની ઉપાસનામાં પ્રેમના સાધન દ્વારા પણ ઈશ્વરપ્રાપ્તિ થઈ શકે છે. આ પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચતાં ધ્યાન આપોઆપ સહજ જ થઈ જાય છે. જપ કરતાં કરતાં પણ ધ્યાનમાં પ્રવેશ થઈ જાય છે.

શ્રી અર્પિતાબહેન જેઓ અમેરિકાથી આ સાધનાશિબિરમાં જોડાયા છે. તેઓ પણ આજે દર્શાવેલી DVDનાં કેટલાંક વિશેષ અંશો વિશે વાત કરે છે.

બપોરે ૨ થી ૩ સંકીર્તન અને શ્રી અર્પિતાબહેનનો વાર્તાલાપ યોજાય છે. બે ધૂન ગવાયા બાદ તેઓ ૨૦૨૩ની પૂ.શ્રી'મા'ની વિદેશયાત્રાના ત્રણ ચાર પ્રસંગો દ્વારા પૂ.શ્રી'મા'નાં સંતત્વની લાક્ષણિકતાનું મનોહર દર્શન કરાવે છે. બપોરે ત્રણથી ચાર ચારમાં શિબિરમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ એક કલાક સદ્‌ગ્રંથ- વાચન

કરે છે. વૈવિધ્યસભર આધ્યાત્મિક ગ્રંથ સાહિત્ય અહીં સુચારુરૂપે ગોઠવવામાં આવ્યા છે જેમાંથી દરેક સાધક પોતાને મનગમતું પુસ્તક લઈ વાંચી શકે છે. આ રીતે પુસ્તકવાચન માટે ગ્રંથ અને વાચનસુવિધાનું સુંદર આયોજન કરાયું છે.

સાંજે ચાર થી પાંચ 'સંત દર્શન'માં પૂ.શ્રી'મા'ની OM Maa Darshan yatra 2024 ને મોટા પડદે દર્શાવવામાં આવે છે. વિશાળ-પથ્થરોના પહાડો તેની છેક નીચે નદી. પહાડો પાસે આપણે ઊભા હોઈએ તો સાવ નાનાં દેખાઈએ. ઈશ્વરના આ સર્જન સૌંદર્ય પર પૂ.શ્રી'મા' જેવા સંત જ હસ્તાક્ષર કરે !

'સંતદર્શન'નાં હૉલમાં પૂ.શ્રી'મા' પધારતાં જ ઊભા થયેલા ભક્તોને 'મા' બેસો બેસો એમ કહેતાં બે સોની નોટ=બેસો. એવી રમૂજ કરતાં હાસ્ય છવાય છે.

પૂ.શ્રી'મા' કહે છે-સ્વર્ગારોહણમાં દરેક જણ બેઠા જ હોય છે. હરિના શ્રીઅંકે. તો જ તો અહીં સૌ ઠરીને રહો છો.

પ્રભુ જેના ઉપર કૃપા કરે તેને જ આવવા દે ને પછી ઠરવા દે.

આ અર્પિતાબહેન તમને આ યાત્રાનાં (વિદેશ) ઈતિહાસ ભૂગોળ ભણાવીને થાક્યા એટલે પ્રભુએ 'મા'ને મોકલ્યાં (હૉલમાં) શ્રી અજયભાઈ 'શ્રીહરિની શબ્દયાત્રા'માંથી તા.૨૨/૧૦/૨૦૨૪; હરિકેન, યુટાની નોંધ વાંચે છે.

ખરું પૂછો તો જીવન પણ એક યાત્રા છે. એ જીવનયાત્રાનાં માર્ગે આપણા સૌને એક સમર્થ સંત પ્રસાદીમાં મળ્યા છે.

એ સંતના નામે તો આપણે અહીં ભેગા બેઠા છીએ. એ મહાપુરુષે સાધના જપની, તપની, ઉપવાસની શરૂ કરાવીને તેનાં સુમધુર મંગલ ફળો પણ ચખાડ્યાં.

આટલાં વર્ષોની મથામણ પછી એક વાતનો સ્વીકાર થાય છે

કે આપણી નાની મોટી મશીન જેવી સાધના નકામી જતી નથી.

વર્ષના અંતે ૩૧ ડિસેમ્બરે અમે પ્રભુને હિસાબ આપ્યો ત્યારે કેટકેટલી અનુભૂતિઓના આંકડા પ્રભુ નોંધાવે ! તે નોંધ નિયમિત રીતે ચોક્કસપણે કરવાની સૂઝ પણ તે જ આપે. ૧૯૮૧થી નિયમિત નોંધાતી રહી છે.

એકાદ અનુભૂતિ સાંભળવી છે ? (હા, 'મા')

આજે તમે બધા ૫૦% ત્યાગીની હરોળમાં બેસી ગયા. અનાજનો ત્યાગ કરીને. બુદ્ધ રાજભવનનો ત્યાગ કરી અમર બની ગયા. આપણે એક ટંકનું ભોજન છોડીને 'મા'નાં બની ગયાં !

—અનુભૂતિ સાંભળતાં, સાંભળી જપ કરવાનું, પ્રાર્થના કરવાનું, મન થાય તે પછી મળે અનુભૂતિ. બાળકને ભૂખ ના હોય તો માતા કહે ચાલ આજે તો તને ભાવે તેવું બનાવ્યું છે. વર્ણન સાંભળી ભૂખ ઉઘડે, પછી ભરપેટ જમે.

—અનુભૂતિઓ 'પ્રકાશના પંથે'માં વાંચીએ પણ તે આપણી ના ગણાય. (પ્રભુની છે.) આપણી માલિકીની અનુભૂતિ કરવા મથવું પડે.

કંઈ કંઈ કૃપાના કિરણો ઝીલાયાં છે, નોંધાયાં છે. તેમાંથી એક-બે પ્રસંગ આજે વાંચીશું.

અનુભવ-૩૩A તા.૧/૭/૧૯૮૪ જાગૃતિદશાનો છે. કાચની બારી ભારે પવનથી તૂટી પડે છે. બારી પાસે જ પૂ.શ્રી'મા' છે. ફર્સ પર બધા જ કાચના ટૂકડા ને કચરો પથરાઈ જાય છે. પૂ.શ્રી'મા' સંપૂર્ણ સુરક્ષિત છે. લસરકો પણ થયો નથી અને ૧૦/૧૨ ફૂટના અંતરે સોફા પર બિરાજમાન પૂ.શ્રીનું નાનકડું સ્વરૂપ આખું કાચની કરચોથી ઢંકાઈ ગયું છે. કેવો અદ્‌ભુત બચાવ !

'મા'—બારીની ડાબી બાજુ ૧૦ થી ૧૨ ફૂટ દૂરના અંતરે રહેલું પ્રભુનું સ્વરૂપ કાચથી ઢંકાઈ ગયું હતું. આ સ્વરૂપ બહુ દૂર હતું. શું પૂ.શ્રીના એ સ્વરૂપે પોતાની ઉપર એ કાચના ઘા ઝીલી લીધા ? હા, એ વાત માનવી જ પડે.

* હવે ૫૪મો અનુભવ વંચાય છે જે 'સત્યપથ' અમદાવાદ તા.૨૧/૧૦/૧૯૮૪ રવિવારનો છે.

'સત્યપથ'માં વિરાજી રહેલા શ્રીકૃષ્ણ અને સરસ્વતીજીની પ્રતિમામાં ચૈતન્ય (જીવંતતાનું) દર્શન ખુલ્લી આંખે થયું. 'મા' સરસ્વતીજીનાં કર્ણકુંડળ અને મસ્તકપરના એક બાજુના કાળાકેશ ફરકતા દેખાયા. ખુલ્લી આંખે.

આમ બે દિવ્યઅનુભૂતિનાં વાચન પછી પૂ.શ્રી'મા' લખે છે.—રસોડે લાડુ બને તે એક ખાવ, બે ખાવ. વધુ ના ખાવ. પચે જ નહિ.

હવે નવમંત્રગાનથી આ સાંજની બેઠક પૂર્ણ થાય છે. ત્યારબાદ વળી આરોગ્યયાત્રા (દોડ), ફળાહાર, વંદના, વ્યક્તિગત સાધના અને તે પછી રાત્રિની સાધના બેઠકમાં શ્રી રાજીવભાઈ શ્રીયોગેશ્વરજીરચિત 'પ્રેમભક્તિની પગદંડી'માંથી ૩૮મું પ્રકરણ વાંચી સંભળાવે છે અને પોતાની રીતે 'સંતકૃપાથી ભક્તિની પ્રાપ્તિ' પ્રકરણને સમજાવે છે.

તે પછી શ્રી અર્પિતાબહેન આજનો દિવસ કેવો રહ્યો ? ની પૃચ્છા સાથે પૂ.શ્રી'મા'ની વિદેશયાત્રાનાં બે-ત્રણ સુંદર પ્રસંગોની વિસ્તૃત માહિતી આપે છે. જે દ્વારા સંતોના પ્રત્યેક વ્યવહારમાં પ્રત્યક્ષ થતું ઉદારતમ માનવીયતાનું દર્શન થાય છે. જે આપણને સાચા માનવ બનવા પ્રેરે છે. સંવેદનશીલ બનાવે છે.

## દિન-૨ તા.૧૫/૧/૨૦૨૫

'સ્વર્ગારોહણ'ની પ્રાતઃ આચારસંહિતામાંથી પસાર થઈ શિબિરાર્થીઓ 'યોગશૈવલ્યમ્' હૉલમાં સવારની ૧૦:૩૦ની બેઠકમાં આવી ગયાં છે. 'સ્મરણથી શાંતિ' શીર્ષક હેઠળની પૂ.શ્રીની DVDનું દર્શન થાય છે. જેમાં શાંતિરૂપી સીતાને મેળવવા જીવે અવિદ્યારૂપી સાગરને જપ-સાધનાનો સેતુ બનાવી પહોંચવાનો સંદેશ આપે છે. સંસારની અનેક મૂલ્યવાન વસ્તુઓ પૃથ્વી પર જ મૂકીને જવાનાં છીએ ! જે સાથે આવવાના છે તે અમૂલ્ય એવા આત્મદેવની ખોજ કરી તેના તરફ ગતિ કરીએ. પ્રવાસે નીકળેલો જીવ પોતાનાં ગંતવ્યસ્થાન પરમાત્મપ્રાપ્તિને ભૂલી ગયો છે. અનેક ફ્લૅગ સ્ટેશને અટવાઈ ગયો છે. સંતો તેનું સ્મરણ કરાવે છે. પ્રકૃતિના આકર્ષક પદાર્થો સ્પર્શ, શબ્દ, રંગ, રૂપ, ગંધમાં મોહાઈ ગયો છે. તેણે પરમાત્માને જ પ્રેમ કરવાનો છે. સન્માર્ગી જીવો શાંતિ પામે જ છે. વગેરે વાતો કરી. – 'રામકૃષ્ણ હરિ જય જય મુકુન્દ મુરારિ, પાંડુરંગ પાંડુરંગ પાંડુરંગ હરિ'ની ધૂન બાદ તરત જ 'શ્રીયોગેશ્વરકથામૃત' વંચાય છે. મયૂરીબહેન વાંચે છે ને પોતાની રીતે સમજાવતાં પણ રહે છે. પૂ.શ્રીની ગુજરાતનાં અમદાવાદ શહેરની ૮મી શિબિરનાં બીજા દિવસની નોંધ વંચાય છે. ૧૫/૫/૧૯૮૧ સ્થળ છે લૉકૉલેજ, અમદાવાદ. શિબિર તેમજ શિબિરાર્થીએ પાળવાના નિયમો-શિસ્તની તાલીમ વગેરે વાતો વંચાય છે.

બપોરે ૨ થી ૩માં સંકીર્તન તેમજ શ્રીઅર્પિતાબહેનનો વાર્તાલાપ થાય છે. જેમાં તેઓ ૨૦૨૩ 'મે'માં વર્જિનિયામાં થયેલી પૂ.શ્રી'મા' સાથેની શિબિરની વાતો કરે છે. જેમાં વધુ કરીને પાનખર એટલે કે વડીલોની સંખ્યા હતી. જે ત્રણ week

સુધી ચાલી હતી.

સાંજે ૪ થી ૫માં ‘સંતદર્શન’ હૉલમાં બેઠક યોજાય છે. પૂ.શ્રી‘મા’ની હાજરીથી સૌ અતિપ્રસન્ન છે. શરૂઆતમાં અર્પિતાબહેન પૂ.શ્રી‘મા’ સાથેની યાત્રાના બે પ્રસંગોની વાત કરે છે. તે પછી પૂ.શ્રી‘મા’ લખે છે.

‘મા’ – બધાંને સંસાર ખૂબ ગમે. ‘મા’ પાસે આવીને ડાહી ડાહી વાત કરે. ‘મા’ તમે સત્સંગ કરાવો. તે ખૂબ ગમે પણ અમારા હૅન્ડબેગ, થેલા, બિસ્તરા તીર્થનાં ઓટલે મૂકાઈ ગયા છે. સાંજે જવાનાં છીએ. અઘરું છે. રાજુકાકા ભલે કહે ફોનનું મૌન છે. પણ તમે જરાક નવરા પડો કે તરત મનના ફોન શરૂ થઈ જાય.

સ્વાભાવિક છે. જ્યાં જન્મ્યાં, રહ્યાં ત્યાંનાં આકર્ષણને હટાવતાં જન્મો નીકળી જાય. એક જ ડાઘ કપડાં ઉપરનો કાઢવા ધોબી કેટલું બધું મથે ? ફાટે પણ ફીટે નહિ.

સંસારી ડાઘ કાઢવા જ, ધોવા જ, ઝાંખા કરવા જ પ્રભુ સંતોને પૃથ્વી પર મોકલે.

ક્રિકેટની સીક્સર મરાવીને સંસારની બહાર કાઢે કોઈકને. તે વળી થોડાક સ્નાન પછી સંત જેવા બનીને જગતના મંચે કામ કરે.

ગઈરાતે ‘પ્રેમભક્તિની પગદંડી’નું (પૂ.શ્રીએ લખેલ ગ્રંથ છે.) એક પ્રકરણ ઊંઘતાં, જાગતાં સૌએ સાંભળ્યું હશે. અહીં શ્રવણભક્તિ, વાચનભક્તિ થાય. મનનભક્તિ બાકી છે. ભેંસ પણ ખાધા પછી વાગોળે તેમ આપણે પણ વાગોળતાં શીખવું પડે.

—બપોરે ૩ થી ૪ની ગ્રંથવાંચન બેઠકમાં પોતે વાંચેલાં પુસ્તકો વિશે વિદ્યાર્થી એવા શ્રી નમનભાઈ અને દષ્ટાભાઈ

પૂ.શ્રી'મા'ની આજ્ઞાપ્રમાણે પુસ્તકનાં વિષયવસ્તુની ટૂંકમાં વાત કરે છે. પૂ.શ્રી'મા' લખે છે. રાત દિવસ પુસ્તકો તો ત્યાં જ રહે છે. અડધી રાત્રે પણ ઈચ્છા થાય તો લાઈટ કરીને વાંચવું. 'મા' આજે પાંચ પકવાન સાથે 'મા' તમારી પાસે આવી બેઠાં છે.

૧ 'મારો અવાજ' — કુમારપાળ દેસાઈએ પૂ.'મા'ને મોકલાવેલ પુસ્તક

૨ નારદભક્તિસૂત્ર

૩ શ્રીહરિની શબ્દયાત્રા

૪ અનુભૂતિઓ (પૂ.શ્રી'મા'ની)

૫ ૧૯૮૪ થી ૧૯૯૬ સુધીની અગત્યની નોંધ.

'મા'—અમે હમણાં પૂનામાં હતાં. શ્રી દિલીપકુમાર રૉય અને ઈન્દિરાદેવીનાં સ્થાનમાં. તે સ્થાનને સમર્પિત ત્રણ ભક્તો સામેથી મળ્યા એક ગુજરાતી હતા વાલજીભાઈ બીજા જૂનાગઢનાં ગુજરાતી બહેન મંજુલાબહેન ને ત્રીજાં અનામિકાબહેન મધ્યપ્રદેશનાં-એ ત્રણે પાસે પોતાની અનુભૂતિઓ હતી. એક પોતાના મિત્ર સાથે પૂના ફરવા આવેલા ને રહી ગયા. (અનામિકાબહેન) બહેનપણી સાથે ટ્રેનમાં પૂના આવ્યાં ને રહી ગયાં. પાછાં ગયાં જ ના. ને ત્રીજાં મંજુલાબહેન તેઓએ વાત કરી, અમે બે બહેનો ને માતા અમે ત્રણ અહીં જ છીએ. 'મા' કહે કેવી રીતે અહીં ? તો કહે અમારો એક જ ભાઈ હતો. જે બ્રેઈનટ્યુમરમાં મૃત્યુ પામ્યો. અમે આ સંસ્થાનાં પુસ્તક વાંચતાં હતાં તેમાં એક પ્રસંગ વાંચીને અમે પૂના આવ્યા. કે, હે ઈન્દિરાદેવી, મારો ભાઈ ક્યાં છે ? શું કરે છે ? તે કહો. કેવી અનુભૂતિ હશે ! એક જ દર્શનનો કેવો પ્રભાવ ! અમે એ ત્રણેયને કહ્યું તમે અમને તમારા પ્રસંગો લખીને આપો.

'મા'—અનુભૂતિ એ અંગત સંપત્તિ છે. જેને થાય તે પૂરેપૂરું વર્ણન ના કરી શકે.

'સ્વર્ગારોહણ' કેવું છે ? ગમે તેટલું વાણીથી વર્ણન કરો પણ છેવટે તમે કહો એકવાર આવીને અનુભવ કરો. અનુભૂતિની વાત એવી છે.

ગઈકાલથી આપણે યાત્રા માટે નીકળ્યાં છે. યાત્રાનો પહેલો વિશ્રામ છે. તે ગઈકાલે વંચાયો. બીજા દિવસની નોંધ વાંચીએ. (વિદેશની પૂ.શ્રી'મા'ની યાત્રાની વાત છે.)

પહેલો મુકામ હતો હરિકેન

'મા'ને થયું આ તો હરિનું ફાનસ લાગે છે. (હાસ્ય ! શ્રી અજયભાઈ કલોલા બીજા દિવસની નોંધ 'શ્રીહરિની શબ્દયાત્રા' વાંચે છે.)

'મા'—અહીં બેઠેલામાંથી સૌથી વધુ યાત્રા અર્પિતાબહેને પૂ.શ્રી'મા' સાથે કરી છે.

'મા'—૧૨/૨/૭૮ અમે પૂ.શ્રી સાથે દક્ષિણભારતની યાત્રા આલંદી તીર્થમાં હતાં. યાત્રામાં દરરોજ પૂ.શ્રી ધ્યાનમાં સૌને બેસાડતા. પછી પાંચ-છ વાક્યોનો સત્સંગ કરે. તે દિવસે પણ એ જ ક્રમ હતો. છેવટે પૂ.શ્રીએ કહ્યું અમે માતાજી સાથે મોડેથી મંદિરે આવીશું તમે મંદિરે જાવ. અમે ૧૬ સ્વજનો હતાં. અમે બધાં જ મંદિરે પહોંચ્યાં. મંદિરમાં દર્શન તો કરી લીધાં. વિશાળ ચોગાનના એક ખૂણામાં એકલા બેઠા (પૂ.શ્રી'મા') કારણ, તે દિવસની પ્રાર્થના, પાઠ બાકી હતાં તે કર્યા ને પછી આંખ મીંચી ને વિચારવા લાગ્યા યાત્રા તો હવે પૂરી થશે, તો મહાત્માજીને એવું ના થાય કે મારા માથે હાથ મૂકે ? આંખ મીંચીને મંદિરના ખૂણામાં અમે બેઠાં હતાં. અમને ખબર નથી પૂ.શ્રી ક્યાં છે ? તે

ક્યારે આવશે ? ને વળી મંદિરમાં કેવી રીતે જશે ? માત્ર એક જ ભાવના કહો કે પ્રાર્થના હતી ને અચાનક કોઈકે અમારા મસ્તકે હાથ મૂક્યો ને અમે ચમક્યાં. જોયું તો પૂ.શ્રી ! પૂ.શ્રી કહે પ્રાર્થના સંભળાય છે હો. એટલું બોલીને તરત જ જતા રહ્યા. આલંદીનું મંદિર ખૂબ વિશાળ છે. કયા ખૂણે કોણ બેઠું છે તે ઝટ ના ખબર પડે. પણ આ 'મા'ની મનની પ્રાર્થના પૂ.શ્રીને પહોંચી ગઈ ! તેઓ કેવી રીતે ત્યાં આવ્યા ? તેની આજે પણ ખબર નથી ! અમારા પાઠ પૂરા થયા. અમે ઊઠ્યા ને જોયું તો મંદિરમાં પૂ.શ્રી, માતાજી ને ભક્તો બેઠાં હતાં. અમે પણ પાછળ બેસી ગયાં. ત્યાં પાછો એક વિચાર આવ્યો. સવારે તો પૂ.શ્રીએ પ્રાર્થના સાંભળી. હવે સાંભળે તો સાચું. દસ મિનિટ પછી પૂ.શ્રી ઊઠ્યા ત્યાંથી પસાર થયા. અમે પણ ત્યાં જ બેનો સાથે બેઠાં હતાં. પૂ.શ્રીએ ચાલતાં ચાલતાં ફરી અમારા મસ્તકે હાથ મૂકી ચાલતાં ચાલતાં જ બોલ્યા પ્રાર્થના પહોંચી ગઈ છે. હવે શાની સાબિતી બાકી રહે ?

'મા':—એટલે મંદિરમાંથી પ્રભુ સામેથી મળવા આવે છે. આવવું જ પડે.

અમારી એ અનુભૂતિ છે. અમે એકવાર અઢી મહિના ફક્ત દૂધ ઉપર ઉપવાસ કર્યા. આખા દિવસમાં પાણી પણ નહિ. ફક્ત પાશેર દૂધ એકવાર. અમને ત્યારે મનમાં થયું. પૂ.શ્રીના આશીર્વાદ મળે તો કેવું સારું ! પણ કેવી રીતે કહેવાય ? મનમાં જ આ વાત ચાલ્યા કરતી હતી. રોજ પ્રવચનમાં જતાં પણ કહેવાની હિંમત ન હતી. એક દિવસ પૂ.શ્રીને જેવા પ્રણામ કર્યા મંચ ઉપર ત્યાં સામેથી જ પૂ.શ્રીએ કહ્યું કાલે અમે પાંચ મિનિટ માટે તમારા ઘરે આવીશું. અને પ્રભુ આવ્યા. ને ઓટલા પર એ દેહની ફરતે પ્રકાશપુંજનું દર્શન થયું. આ એની જ અનુભૂતિ છે.

અરે ! પૂ.શ્રી તો ઓટલા પરથી અંદર જઈને ભટ્ટ સાહેબ જોડે બેસી ગયા. 'મા' તો ઓટલા ઉપર જ રહી ગયા. પેલા પ્રકાશ સ્વરૂપમાં જ ખોવાઈ ગયા. ભૂલી ગયા કે પૂ.શ્રી અંદર ગયા છે. જ્યારે એ દર્શન શાંત થયું ત્યારે 'મા' અંદર ગયાં. પૂ.શ્રીને પ્રણામ કરીને કહ્યું ક્ષમા કરજો. આ બધી અનુભૂતિઓ કહે છે કે, સામેથી પ્રભુ આવે છે. આવવું જ પડે. 'પડદા ઓથે પ્રભુ'માં એવી અનેકવાતો નોંધી છે.

નાની નાની પ્રાર્થનાઓ પણ પ્રભુએ સાંભળવી જ પડે. સાંભળે જ છે. ને સાંભળશે જ.

અમે વર્ષોથી તારીખ સાથે નોંધ રાખવાની ટેવવાળા છીએ. [પૂ.શ્રી'મા'એ ૧૩/૫/૧૯૮૪ થી આવી ઘણીબધી વિશેષનોંધ લખી છે. અનુભૂતિની તારીખ, વાર અને સ્થળ સામે]

'મા'—મથવું તો પડે. હજી પણ મથામણ મંદ નથી પડવા દેવી. ઉપર (દર્શનઝરૂખે) દોડવાનું કાર્ય કરીએ છીએ ત્યારે (આરોગ્યયાત્રામાં) પણ દરેક ડગલે એક જ પ્રાર્થના મસ્ત બનીને ગવાતી રહે છે. દોડનું એક પણ પગલું પ્રાર્થના વિનાનું નથી હોતું. સતત તાલબદ્ધ રીતે મસ્તીથી પ્રાર્થના થયા કરે છે.

શિપ્રા પૂછે છે 'મા' કેવી પ્રાર્થના કરો છો ?

'મા'—બધાંની પોતપોતાની પ્રાર્થના હોય છે. 'મા'ની પ્રાર્થના સાંભળીને શું ? ઉછીનું લઈને ક્યાં સુધી જીવશો ?

'મા' : વા વાયાને વાદળ ઉમટ્યા...

મળવા આવો સુંદરવન શામળિયા.

(આરોગ્યયાત્રા એટલે કે દોડનો સમય થઈ રહ્યો હોય તેથી ૯ મંત્રગાન કરી દોડવા જવાની તૈયારી કરે છે.)

'મા'—દરેક પગલે તમારી મનગમતી પ્રાર્થના કે મંત્રજપ મસ્તીથી ગાતા જાવ. કોણ કોણ કેવું દોડે છે તેની માથાફોડ છોડો. મસ્તીથી દોડો. ના દોડાય તો વૃક્ષની, કુટિયાની, તીર્થસંગિનીની પ્રદક્ષિણા કરી શકાય. તે પણ ના થાય તો દૂર રહીને જોયા કરો કે બધાં પ્રભુને શોધવા કેવાં દોડી રહ્યાં છે ! જો આપણાથી ના દોડાય તો દરેક દોડનારને મનથી કહેતા રહો પ્રભુ તમને મળે તો મારી પાસે પણ મોકલજો.

દોડનાર સૌ દેવદૂત છે એમ માનો. એ દેવદૂત સાથે આપણે કેણ મોકલીએ કે પ્રભુ પધારજો.

આ કુટિયામાં ત્રણ ત્રણ નિર્જળા સાથે રામાયણ પારાયણ થયાં છે. એ નોંધ ખાસ વાંચવા જેવી છે. એ નોંધ હતી તો આજે પણ વિશેષ નોંધ જેવી લાગે છે. વ્રત સાથે કેવો લગાવ હતો ! પારાયણ કેવું પ્રિય હતું ? તે નોંધ પરથી જાણી શકાય.

[રાત્રે ૮.૦૦ વાગે ઉપર 'યોગતીર્થ'નાં પરિસરમાં પૂ.'મા' સાથેની બેઠક શરૂ થાય છે.

અમદાવાદમાં ૮મી સાધના શિબિર તા.૧૫/૫/૧૯૮૧ થી ૨૧/૫/૧૯૮૧ સાત દિવસની તે બીજા દિવસની નોંધ શ્રી મયૂરીબહેન વાંચે છે.]

'મા'—'મા'ને પ્રભુ દર કલાકે ઊઠાડે ઊઠો ભાઈ શા માટે ત્યાગ કર્યો છે ? અને 'મા' જેમતેમ ઊઠે પ્રભુજી ૨૫ માળા બાકી રાખીને બાકીની ૭૫ માળા રાત્રે ઊઠીને કરી લે છે. (પૂ.શ્રી જે કંઈ અમૃતવચનો આપતા તેની નોંધ વંચાય છે.)

'મા'—'મા' સતત એક ફૂલસ્કેપ ને પેન લઈને જ મંચ ઉપર જતાં. નોંધનાં કેટલાક અંશો.

* દરેક કાર્યમાં પ્રાર્થના કરો.

* ધ્યાનમાં પણ વચ્ચે પ્રાર્થના કરો.
* ઊઠી શમવે તે સંત, ના ઊઠે તે ભગવંત.
* પ્રાર્થનામાં ખૂબ શક્તિ છે.
* સારામાં સારી સાધના તે પ્રાર્થના છે.

પૂ.શ્રી'મા' લખે છે બીજું પકવાન છે –'નારદભક્તિસૂત્ર' (ગવાય છે.)

પ્રભુમાં ને પ્રભુના સંતોમાં
ખરે ભેદ બિલકુલ નથી.
કૃપા કરે જો સંતજનો તો
દર્શન પ્રભુનાં દૂર નથી
પૂર્ણ સંત મળવાથી સાચે
પ્રભુ મળવાનું સુખ મળે.
સંત સૃષ્ટિના સ્વામી સાચા
ચાહે તો ઉદ્ધાર કરે.
તેની છાયામાં બેસીને
ત્રિતાપ દર્દો દૂર કરે.
ભક્તજનો તેને સેવીને
ભવસાગરથી સહેજે તરે...

'મા'–પૂ.શ્રી જેવા મહાપુરુષનું છત્ર આપણા સૌને મળ્યું તે આપણા સૌનું સદ્‌ભાગ્ય છે.

એક જ સમર્થનું શરણું જીવન પલટાવી શકે.

એ ચાહે તો શરણાગતનો ઉદ્ધાર કરે. એને પ્રસન્ન કરવાથી બધું જ પાર પડે.

[હવે આપણી પરીક્ષા છે. આસપાસ સંગીતના સૂર રેલાશે. એ સંગીતમાં આપણે મંત્ર જોડી દેવા. એ જ તાલમાં જીવી લેવાય એટલે કોઈ ના નડે. જો જો એ સંગીત સાથે લગ્નના મંડપમાં મનથી પણ ના પહોંચી જશો. ૩૨ દાંત વચ્ચે જીભ જીવતી રહે છે તેવું જીવી લેવાનું.]

પ્રશ્ન :– આધ્યાત્મિક વિકાસ માટે રોજની કેટલીમાળા કરવાની ?

જવાબ :– ૧૦-૧૦ સવાર અને સાંજે એક એક કલાક.

આ તો છપ્પનભોગ છે બે પકવાન ચાખ્યા ત્રીજું ફરીથી ચાખી લઈશું.

'મા' :– દક્ષિણભારતની યાત્રા પછી પૂ.શ્રીએ ૫૪ પત્રો 'મા' પર લખ્યા છે. ૮ ફેબ્રુઆરી ૧૯૭૮ પૂ.શ્રીને અમે થોડા પ્રશ્નો લખીને પત્ર લખેલો તે પત્ર અહીં છે. પત્ર અને ઉત્તરો.

'મા'–દસ માળાથી શરૂ થયેલો નામજપનો વ્યાપાર લાખો કે કરોડોમાં આજે પહોંચી ગયો છે.

'મા'–વાંચવું સહેલું છે. સંભળાવવું સહેલું છે. વાતો કરવી સહેલી છે. લોકો આગળ 'મા'ની પ્રશંસા કરવી સહેલી છે પણ એવા પ્રયોગો જાતે કરો તો જ એની વેદના સમજાય.

નિર્જળાનો જેને અનુભવ છે તેને એની વેદના સમજાય.

'મા'–સતત રામાયણમાં મન રહ્યું તો ત્રણ નિર્જળા થઈ ગયા. (કાચી કુટિયામાં રામાયણ પારાયણ વખતે) અંબાજીમાં.

'મા'–દીક્ષાનું એ સહજ પરિણામ છે. (નિર્જળા) મહાપુરુષો દીક્ષા આપે તેની સાથે પોતાની સમગ્ર શક્તિ દીક્ષા લેનારને સહજ રીતે પ્રસાદમાં મળે. અમને એ શ્રી શૈલમ્‌ની દીક્ષાની રાતનું સ્મરણ થાય છે. દીક્ષા આપ્યા પછી અમે ઓરડામાં બધી

બહેનો સાથે આવી ગયાં. તે બહેનો તો સૂઈ ગઈ પણ અમારી દશા અમને જ અચરજમાં મૂકે તેવી હતી. સતત એ ઓરડામાં પૂ.શ્રીનું દર્શન થયા કરે. (દીક્ષા મળી પછી) ને ઊંઘ તો આવે જ ક્યાંથી ? સતત શક્તિ, સ્ફૂર્તિથી ઉભરાતું શરીર. આખી રાત બેસીને 'મા'એ પ્રાર્થના-જપમાં વિતાવી.

સદ્‌ગુરુ જેને સ્વીકારે તેનો સહજ વિકાસ

આજકાલ સાધનાનાં જે મધુર ફળો ખાવા મળે છે તેનાં મૂળ ૧૯૭૮થી જીવનધરતી પર પડ્યાં છે. કેટલા વર્ષની મથામણ થઈ ? ગણી લો. ૪૦-૪૫ વર્ષે કંઈક તો મળે જ ને ? એટલે મથવું પડે ભાઈ. વાંચી જાવ તે ના ચાલે. કરવું પડે.

'મા' :—જેટલું જેવું થાય તેવું સાધન કરવા જ તો ભેગા થયાં છીએ. આપણે સૌ બે દિવસથી સરસ રીતે સમયનો સદ્‌ઉપયોગ કરી રહ્યાં છીએ. (સાધનાશિબિરમાં)

'મા'—(ફોન યાદ આવે છે પણ ભૂલી ગયાં છીએ. ગપ્પાં મારવાં ગમે છે પણ બંધ રાખ્યાં છે. સૂવાનું ખૂબ ગમે છે પણ દિવસે સમય નથી. ખાવાનું પણ ખૂબ યાદ આવે છે પણ છૂટકો નથી) (હાસ્ય)

'મા'—રોજ દોડીએ ત્યારે (આરોગ્યયાત્રામાં) દરેક પગલે જાણે ઉડવાનાં હોઈએ તેવું શરીર થઈ જાય છે. હલકું. સ્ફૂર્તિવાળું. ના શ્વાસ ચઢે, ના બંધ કરવું ગમે. પણ લોકકલ્યાણઅર્થે બંધ કરવું પડે. (હાસ્ય)

'મા'નું જો ચાલે તો આખી રાત પ્રભુ પાછળ દોડે. (પણ સૌનો વિચાર કરવો પડે.)

'મા'—આપણી વચ્ચે દમયંતીબહેન, જયુ આવ્યાં છે. પોતાની માતાની માંદગીમાં માતાને મળવા આવ્યાં છે. અહીં

શિબિર થતી. પણ ત્યારે કાચી કુટિયા હતી. ત્યારે દરેક પ્રોગ્રામમમાં દમયંતીબહેનનાં બા ધનલક્ષ્મીબહેન આવતા. કેટલી બસ બદલીને આવતા. નિયમિત હાજરી આપતાં. ૯૫ વર્ષની ઉંમર છે. ૯૫ વર્ષે પણ રોજ નિયમિત લાલાની સેવા કરે છે. હવે પથારીવશ છે. આપણે એમને માટે 'વરદહસ્ત' ગાઈને શુભભાવના માટે પ્રાર્થના કરીશું.

'મા':—(રોડ પરના હૉલમાં મોટા અવાજે સંગીત વાગ્યા કરે છે) આ સંગીત તો અખંડ દીવાની જેમ ઝળહળતું રહેશે પણ આપણે રાત્રે ૧૨ થી ૧ કે ૧૧ થી ૧૨ પ્રયોગ કરવો છે ? ને પછી એ પ્રયોગ લંબાશે તેવું વિચારી તૈયાર રહેવું છે ? (હા, 'મા')

'મા'—એક રાત હરિ કે નામ. જે થાય તે. બહુ બહુ તો મૃત્યુ આવે બીજું શું થાય ?

થોડીક જડતા દૂર કરવા શ્રીગણેશ કરીએ. એક કલાકનો પ્રયોગ કરીને. અમારાં ગાયત્રીબહેન અમને પૂછવા આવેલા જડતા દૂર કરવા શું કરવું ? 'મા' કહે જડતા દૂર થઈ રહી છે. તો જ તો તમે બધું છોડી 'સ્વર્ગારોહણ'માં છો.

'મા'—આપણી જાતને એટલી બધી નીચી પણ ના માનવી ને એટલી બધી ઊંચી પણ ના માનવી. મધ્યમ ગતિથી જીવી લેવું. એટલે પાંચ દિવસ અનાજ છોડ્યું, ફોન છોડ્યો. જોબ છોડી. એટલું ભૂમિપૂજન પૂરતું છે.

એટલે જાતે જાતે જ ડાહ્યા થઈને પ્રેમથી રાત્રે ૧૨ વાગે આ જપની પાર્ટીમાં પધારજો. ભૂલ્યા વગર પધારજો. સપરિવાર પધારજો. (હાસ્ય) મિત્રમંડળ સાથે પધારજો. આ પત્રિકાને રૂબરૂ માની જલદી પધારજો. રાત્રે બાર વાગે હસ્તમેળાપ છે. જરૂર પ્રેમથી, સમયસર હાજર થઈ જજો.

જીવ ને શિવનો હસ્તમેળાપ છે.

ને પાર્ટીમાં તો સરસ પ્રસાદ મળશે જ પણ જીવી જવાય ત્યાં સુધી. એટલે આ પ્રસાદ છે (અર્પિતાબહેન અને જયુબહેન બધાંને પ્રસાદ આપે છે. સૌને ફળાહાર ચાલે છે.)

'મા' કહે છે. ૧૨ વાગ્યા સુધી જાગવા માટે અર્પિતાબહેન એક સ્પેશિયલ પ્રસાદ લાવ્યા છે. (આદુની મીઠી ચિપ્સ છે.) અર્પિતાનો પ્રસાદ તરત જ લેવાનો છે. તેથી મોક્ષ મળશે. (હાસ્ય..કારણ અર્પિતાના પુત્રનું નામ મોક્ષ છે.) જપયાત્રા બાદ સૌ 'વંદન કરું પ્રભુ....' ગાઈ પ્રણામ કરી વિશ્રામ.

**સાધના શિબિર દિન–૩ ૧૬/૧/૨૦૨૫**

પ્રાતઃ દૈનિક આધ્યાત્મિક કર્મ (ધ્યાન, વંદના, પ્રણામ, પ્રાર્થના) પૂર્ણ કર્યા પછી આરોગ્યયાત્રાથી પ્રફુલ્લિત બની સવારે ૧૦:૩૦ સે 'માનવ શરીર તથા શ્રી'મા'નો પરિચય' વિષય પર પૂ.શ્રીની DVD રજૂ કરાય છે. પૂ.શ્રીના મુખે જ પૂ.શ્રી'મા'નો પરિચય ! જાણે આનંદનો અર્ણવ લાધ્યો !

પ્રભુજી કહે છે શાંતિની પ્રાપ્તિ માટે જ મનુષ્ય અવતાર મળ્યો છે. 'બડે ભાગ માનવ તન પાવા, સુદુર્લભ સબ ગ્રંથન ગાવા' કહી શ્રીતુલસીદાસજીનું સ્મરણ કરતાં કહે છે કે કલિયુગમાં નામજપ શ્રેષ્ઠ. માનવજન્મનો મહિમા કરતાં કહ્યું કે જીવન ગંગા જેવું નિર્મળ કરવાનું છે. પ્રકૃતિની આસક્તિ ના કરતાં પરમાત્માને પ્રેમ કરો. તે પછી 'શ્રી યોગેશ્વરકથામત'નું વાચન. જેમાં પૂ.શ્રીની ૮મી 'સાધનાશિબિર' અમદાવાદમાં યોજાઈ હતી તેના ત્રીજા દિવસની નોંધ વંચાય છે. તારીખ છે ૧૬/૫/૧૯૮૧.

શ્રીઅર્પિતાબહેન તે પછી ત્રણ દિવસથી વંચાઈ રહેલી

શિબિરનોંધના શ્રવણને ફરીથી તાજી કરી આપે છે. પ્રશ્નોત્તરીના સેતુ દ્વારા.

બપોરના ફળાહાર બાદ ૨.૦૦ થી ૩ માં સંકીર્તન અને અ.બહેનનો વાર્તાલાપ. પૂ.શ્રી'મા'ની સાથેનાં યાત્રાનાં કેટલાંક પ્રસંગો વર્ણન કરતાં કહે છે, 'ઈશ્વર સાથે એક થયેલા સંતોને ભૌતિક કામના નથી હોતી.'

તે પછી ૩ થી ૪ ગ્રંથવાચન અને તે પછી સૌની પ્રિય બેઠક પૂ.શ્રી'મા' સાથેની ૪ થી ૬ પ્રારંભ પામે છે.

'મા'—આ 'સ્વર્ગારોહણ'નાં દેવદરબારે ગવૈયા, રસોઈયા, ચખૈયા અનેક રત્નો છે, કોણ છે ગવૈયા ? જયુબહેન, મયૂરીબહેન બતાવો તમારા ગવૈયાનાં સર્ટિફિકેટ. પૂ.શ્રી'મા' તેઓને 'નારદભક્તિસૂત્ર' અધ્યાય-૪નું ગાન કરવા જણાવે છે.

ભક્તિમાં સાધન કહ્યાં
આચાર્યોએ તેમ.
કહું કંઈક સાધન હવે સુણજો રાખી પ્રેમ.
વિષયોમાં આસક્ત થવાથી
પ્રભુનો પ્રેમ કદી ના મળે.
વિષય ત્યાગવાથી, ત્યજવાથી
સંગ વધે છે ભક્તિ ખરે....(ગવાય છે)

'મા'—સતત લખવાનો રોગ પણ સારો નથી. ગાવામાં મસ્ત બનો. મન અંતરમાં લખતાં રહો.

શ્રી વિમલાતાઈ પોતાનાં સત્સંગમાં કોઈ નોંધે તે ના ચલાવી લેતા. પ્રભાબહેન એમની પાસે વર્ષો સુધી રહ્યાં તેમને પણ એક સૂચના હતી કે દરેક સત્સંગ પછી જે ધ્યાનથી સાંભળ્યું હોય તે

નોટમાં ઉતારી લેવું. અને તે રૂમમાં જઈ લખો. અહીં નહિ.

'મા'—આપણું મન કેટલું કર્યું તે આપણે જ નોંધ કરવા બેસીએ તે આપણને જ ખબર પડે. મન અંતરમાં લખવાની ટેવ પાડો.

રાત્રિ બેઠકમાં આજે અર્પિતાબહેને શ્રીનાથાલાલ જોશી કૃત 'અમૃતમ્'માંથી બે પદ પઠન બાદ વિશ્રામ.

**સાધનાશિબિર દિન—૪ ૧૭/૧/૨૦૨૫**

સવારનો આધ્યાત્મિક સ્વાધ્યાય પૂર્ણ કર્યા બાદ સાડા દસે 'શાંતિનાં સાધનો' વિષય પર પૂ.શ્રીયોગેશ્વરજીની અમૃતવાણીનું શ્રવણ, દર્શન DVD દ્વારા થયું. જેમાં તેઓ મધ્યકાળના કવિ શ્રીધીરા ભગતની પંક્તિ ટાંકે છે - 'તરણા ઓથે ડુંગર, ડુંગર કોઈ દેખે નહિ !' —આ પંચમહાભૂતનાં શરીરને કવિ તરણાની ઉપમા આપે છે. અને શરીરમાં બિરાજતો મહિમાવંતો ડુંગરથી પણ મોટો પરમાત્મા છે. તેને જોવાનું કામ સહેલું નથી. બકરીઓનાં ટોળામાં એકાદ સિંહ ગર્જના કરતો નથી દેખાતો તેમ ઈન્દ્રિયો વચ્ચે રહેલા આત્માનું સહેલાઈથી દર્શન થતું નથી. તલમાં જેમ તેલ કાષ્ટમાં અગ્નિ, દૂધમાં દહીં ને માખણ નથી દેખાતું તે માટે મથવું પડે. સર્વસમર્પણ કરાય, ભક્તિ કરાય ત્યારે શાંતિની સંપ્રાપ્તિ થાય. આત્મા ઓળખાય. સદ્ગુરુ હોય તો માર્ગદર્શન કરે. રસ્તો બનાવે. તો પરમાત્માનો સાક્ષાત્કાર સાધી શકાય છે.

આ ઉપરાંત પૂ.શ્રી અગિયારસ વિશે, હસ્તામલકાચાર્ય વિશે અને સિકન્દરનાં ઉદાહરણો તેમજ પ્રસંગો દ્વારા અધ્યાત્મબોધ ધરે છે.

ત્યારબાદ 'પડદા ઓથે પ્રભુ'નું વાચન થાય છે. તા.૯/૧૧/

૧૯૭૪ની આ નોંધ જ્યારે પૂ.શ્રી'મા' ૩૦ વર્ષની ઉંમરનાં હતાં. તે સમયનાં 'મા'ની ભાવનાઓ, સાધના અને ગુરુ પરમાત્મામાં પ્રબળ શ્રદ્ધા ભક્તિનાં ઉત્તમ દર્શન થાય છે તેમની ૧૩ પ્રાર્થનાઓમાં થાય છે. જેના કેટલાંક અંશો નીચે મુજબ નોંધાયા.

—મનને જીતે તે જગ જીતે.

—એકાંતમાં પોતાની જાત પોતાનું પોત બતાવે.

—સંતોનો સથવારો હોય, સદ્‌ગુરુની ઓથ હોય, પરમકૃપાળુની કૃપા હોય ને વળી આપણી પોતાની હરિના માર્ગે ચાલવાની શૂરવીરતા હોય તો તો એ પંથ સાવ સરળ, સાવ સહજ અરે ! રમતવાતમાં કપાઈ જાય તેવો બની જાય છે.

—સંતો બધા એક સરખું જ શીખવે છે/દરેક સંત સદ્‌ગુરુનું જ સ્વરૂપ છે.

—પોતે જ પોતાના ભોમિયા

—પોતાની બધી જ ત્રુટિઓ, નબળાઈઓ, વિશેષતા પોતે જ જાણે.

—સંતોની વાત સાંભળી જીવનમાં ઉતારીએ, ગાંઠે બાંધીએ તો સ્વર્ગસુખ અહીં જ છે.

બપોરની બેઠકમાં પણ ૨ થી ૩માં 'પડદા ઓથે પ્રભુ'ની નોંધ શ્રીમયૂરીબહેન વાંચી સંભળાવે છે—પૂ.શ્રી'મા' લખે છે (હરિઃૐ આશ્રમ, સુરત) નાની મોટી, ગાંડીઘેલી ૧૩ પ્રાર્થનાઓ પ્રભુએ લખાવી દીધી. કદાચ કોઈ કવિ તેને જોડકણાં કહે પણ અમારી તે સ્વર્ગની સીડી બની ગઈ હતી. મૌનનો આજે અંતિમ દિન હતો. મૌનમાંથી બહાર નીકળી પ્રથમ સદ્‌ગુરુ

ચરણે પ્રણામ કરવાની ઈચ્છા થઈ. પૂ.શ્રી વડોદરા જ હતા વ્યાખ્યાન અર્થે તે જાણેલું. પરંતુ પિતાજી લેવા આવેલા. તેથી સીધા કર્પૂરવન ગયાં. માતાપિતાને પ્રણામ કરી બીજા દિવસે વડોદરા પૂ.શ્રી ગુરુદેવ પ્રભુને પ્રણામ કરવા ગયા.

પૂ.'મા' લખે છે. સદ્‌ગુણી સંસ્કારી માતાપિતા અને ગુરુ એક સમાન છે.

—દરેક સંત સદ્‌ગુરુનું જ સ્વરૂપ છે. વિશ્વવંદ્ય ઉદ્યાનમાં (વડોદરા) શ્રીપ્રભુજી અને શ્રીમાતાજીનાં શ્રીચરણોમાં પ્રણામ કરી ફૂલ ધર્યાં. તેઓશ્રીએ આશિષ ધરતાં કહ્યું —

* ખૂબ ખૂબ સાધન ભજન કરો.

* નામજપ કરો.

* નવા વરસે ખૂબ પ્રગતિ થાઓ. આ ત્રણ વાક્યોમાં પ્રભુજીએ જીવનસાર સમજાવી દીધો. પ્રભુ જેવા મહાપુરુષની એક દ્રષ્ટિ જ આશીર્વાદનું કાર્ય કરે. એક એક શબ્દ તેમનો શાસ્ત્ર સમાન છે.

પૂ.શ્રી'મા' લખે છે—પુરુષાર્થ કર્યા કરવાનો. ફળ ધરવાનું કામ પ્રભુનું. સંતો પાસે શા માટે અપેક્ષા ? આપણી કોઈ યોગ્યતા તો હોવી જોઈએને !

જે મળ્યું છે તેમાં જ સંતોષ. પાત્રતા પ્રમાણે જ પીરસાય. જે બાળકો માગતા નથી તેને પ્રભુ કાળજીપૂર્વક આપે છે. સંતો તો પોતાનાં કાર્યક્ષેત્રના જ પ્રશ્નો ઉકેલે. આ સાતમા દર્શન સાથે પૂ.શ્રીનાં પત્રની સાતમી પ્રસાદી પામી ધન્ય થઈ ગયા.

આવતીકાલે વિશેષ સાધના છે. સવારે છ થી સાંજે છ સુધી નિર્જળાવ્રત. સંપૂર્ણ મૌન. સવારે સાતથી સાંજે સાત કોઈ માઈક, મંત્રગાન મૂકવાનાં નથી. માત્ર પ્રભુનાં દર્શન કરતાં કરતાં ધ્યાન

કરવાનું છે. ફક્ત સવારે ૭.૩૦ સે નવમંત્રગાન પ્રભુપાસે કરવાનાં છે. વંદના પણ મૌન રહીને. સવારે ૧૦.૩૦ સે માત્ર ગુરુદેવની વાણીનું જ દર્શન-શ્રવણ DVDમાં.

**દિન—૫ ૧૮/૧/૨૦૨૫**

આજે વિશેષ સાધના હોવાથી મૌન રહી ધ્યાન, વંદના, પ્રણામ, દૂધ અને દોડ બાદ સાડા દસે 'ભજસ્વમામ્' વિષય પરથી શ્રીપ્રભુજીની DVDનું દર્શન થાય છે. તે પછી ધ્યાનની બેઠક અડધો કલાક થાય છે ને બપોરે બે થી ત્રણમાં પૂ.શ્રી'મા'ની પ્રશ્નોત્તરી પરની DVDનું અદ્‌ભુત દર્શન થાય છે. વિવિધ આધ્યાત્મિક પ્રશ્નોના સરળ ઉપાયો તેમજ સમજ પૂ.શ્રી'મા' આપી રહેલાં જણાય છે. સાંજે સાડા છએ વળી સંતદર્શનમાં પૂ.શ્રી'મા' સાથે બેઠકનું સૌભાગ્ય સૌને મળે છે.

'મા'—આજે બધા પાસ. બધાએ પાંચ દિવસ સરસ નિયમો પાળ્યા.

આજે નિર્જળા સાથે સાધના કરી તો કોનું કોનું મોઢું શરબતીયું રહ્યું ? પ્રસન્નતાપૂર્વક થાય તો જ તેનું નામ તપ કહેવાય. અનાજની તો વળી શું ગુલામી ? દવાની પણ શા માટે ગુલામી ? બધા વગર ચાલે. અમારો આજનો સાધનાદિન સવારે ૪.૦૦ વાગે શરુ થયો. (શ્રીઅજયભાઈ પૂ.શ્રી'મા'ના સાધનાદિનની ૧૮/૧/૨૦૨૫ની નોંધ વાંચે છે. કે કેવી રીતે નોંધ થાય.) જે સાંભળી અવાચક થઈ જવાય છે. મિનિટે મિનિટનો હિસાબ પ્રભુ ચરણે ધરેલો છે ! એક ક્ષણનો પણ વ્યય કે વિરામ નથી !! જેમાં પ્રાર્થના, પદ્માસન, જપ, વાચન, લેખન, દોડ બધાનું જ સુવ્યવસ્થિત આયોજન જોવા મળે છે.

પૂ.શ્રી'મા'—અમે દર ડિસેમ્બરની ૩૧મી તારીખે પ્રભુને

હિસાબ આપી દઈએ છીએ. આખા વર્ષમાં કેટલા નિર્જળા ? કેટલા સાધના દિન ? કેટલા મૌનદિવસ ? અને કેટલી અનુભૂતિ થઈ ? તમને ખ્યાલ આવે માટે એ હિસાબ તમારે જોવો છે ? (સૌ એક સાથે હા કહે છે.) પૂ.શ્રી'મા'એ સ્પષ્ટ સુંદર શબ્દોમાં પોતે આખા વર્ષ દરમિયાન કરેલી સાધનાની સંપૂર્ણ નોંધની ફાઈલ 'સંતદર્શન'માં બેઠેલા સૌ કોઈ ભક્તજનોને જોવા માટે આપે છે. તેનું દર્શન કરી દિગ્મૂઢ થઈ જવાય છે.

'મા'—વર્ષોથી મથામણ ચાલે છે તો ઝોળી ખાલી ના જ રહે. (આવ્યાં જ છો તો એક બે મીઠાઈનાં ટુકડા ખાતા જાવ તેવું જણાવી પૂ.શ્રી'મા' પોતાની દિવ્ય અનુભૂતિઓમાંથી બેની વર્ણનનોંધ વંચાવે છે. ૨૮/૧૦/૨૦૦૦ અને ૨/૧૧/૨૦૦૭ ની)

'મા'—ક્ષણિક દર્શનપ્રસાદ આપણા સમગ્ર વ્યક્તિત્વને પલટાવી નાખનારો હોય છે. અનંતજન્મોમાં પણ એની ઝાંખી રહે છે. સાધનાક્ષેત્રે મથે તે પામે. પોકારે તે પ્રત્યુત્તર પામે જ. માગે તેને મળે જ. તલસે તે તો તરે જ. આ બધાં સૂત્રો પોતાની સત્યતાનાં શણગાર સાથે સાધક સમક્ષ ઉપસ્થિત થતાં હોય છે.

॥ ગુરુ કૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્ ॥

'મા'—હવે આવા અનુભવોનો પ્રકાર બદલાયો છે. થોડી પ્રગતિ થઈ છે. સાધનભજન જમા કરાવવું પડે. તો જ ATMમાંથી પૈસા નીકળે. હવે એ બધું ઉઘાડી આંખે આવી રહ્યું છે.

—૩૧ ડિસે. હિસાબ લખ્યો ત્યારે થયું ચાલો પાછા છવ્વીસકરોડ જપ કરીએ. જો કે બધું પ્રભુના હાથમાં છે. આયુષ્યનાં જેટલાં વર્ષ એટલા દિવસ વિશેષ સાધના.

—નિરાશ ના થવું મથતાં જ રહેવું. વર્ષો પછી ફળો મળવા માંડશે. જાતજાતના ના સમજાય તેવાં અનુભવો જાણે થતા રહે.

—સાધક તરીકે આપણે ઘણી લાંબી મજલ કાપવાની છે. 'મા' પણ હજી પગદંડીનાં પહેલા પગથિયે છે.

—મૂળ વાત નિરાશ થયા વિના પ્રાર્થના, જપ, પાઠ, પારાયણ ચાલુ જ રાખવા. કદી પણ નકામા જતા નથી. દર મહિને ઘરે પણ એક-બે દિવસ એવા નક્કી કરવાં જેમાં કંઈક વધુ સાધન કરી લેવું.

કરતા રહો ને હથેળીમાં પ્રસાદ પામતા રહો.

—સપને પણ નિરાશ ના થાવ. એક જગ્યાએ જ ખોદતા રહો તો પાણી નીકળશે. ઈશ્વર નોંધતો રહે છે. જોતો રહે છે. માઈક્રોસ્કોપિક આંખથી.

આપણા પાઠ, પ્રાર્થના પ્રભુ પડખે ઊભા રહીને જોયા કરે છે ને નોંધ્યા કરે છે.

—જપતાં રહો. ભગવાન સાંભળી સાંભળીને થાકે ત્યાં સુધી. કંટાળીને કહેશે કે બંધ કર. હવે મારો વારો !

—પાઠ રોજ કરો છો. વંદના રોજ કરો છો. પણ તેમાં મસ્તી પ્રગટાવવાની છે. લગ્નમાં જવાનો ઉત્સાહ હોય તેવો ઉત્સાહ આપણે જપ, પાઠ, પ્રાર્થનામાં જગાવવાનો છે.

'મા'—પાંચ દિવસની શ્રી રાજુભાઈની જ યોજના હતી. તમે આવી શક્યાં. આભાર. ફરી આ રીતે પધારતાં રહેજો. આભાર.

દરેક વખતે એક નિયમ લઈને જ 'સ્વર્ગારોહણ'માં આવજો.

શ્રી અર્પિતાબહેને પણ જે નજરે નિહાળ્યું તે પણ એમણે પીરસ્યું છે. કાકાને થયું (શ્રીરાજુભાઈ જાની) આ સ્વર્ગારોહણ સર્જન થયું તો બધા આવીને ઠરે. જે ધારીએ તે કરી શકાય એવો

એક વિશ્વાસ પૂ.'મા'એ સૌમાં જગાડ્યો. કરવું જ છે એવો નિર્ણય થતાં જ પ્રભુ આપણી પાછળ આવીને ઊભા રહ્યા. આ ૮૨ વર્ષે પૂ.'મા' એક દિવસ નિર્જળા ને એક દિવસ ફળાહાર કરે છે છતાં દોડે છે. ગુરુકૃપા કેવી છે તે ઉઘાડી આંખે નોંધી લો. ૮૨ વર્ષે પણ દોડી શકાય છે. (શ્વાસ પણ ચઢતો નથી.)

સાંજે મોડા દૂધ-ફળ લઈ સૌ વંદનામાં જોડાય છે. ત્યારબાદ સમૂહમાં સંકીર્તન થાય છે અને સૌનાં મનમાં એવી ભાવના છે કે આ સાધનાશિબિરમાં પૂ.શ્રી'મા'નાં વિશેષ અનુગ્રહથી આવી શકાયું. જપી શકાયું. તપી શકાયું અને પોતાની શારીરિક ક્ષમતાનો પરિચય પણ પામી શકાયો આ રીતે વિવિધ આધ્યાત્મિક લાભ મળ્યો તો પ્રભુજીનો આભાર પ્રાર્થના દ્વારા માનવો જ પડે. તેથી કરીને નક્કી કરવામાં આવે છે કે ૩૫ 'વરદહસ્ત'ની પ્રાર્થના કરવી. તેમાંની ૧૫ પ્રાર્થના પ્રદક્ષિણા કરતાં કરતાં અને બાકીની વીસ હૉલમાં બેસીને પૂર્ણ કરવામાં આવે છે.

સહુ અતિ આનંદિત છે. મુખથી પ્રાર્થના કરે છે અને મનોમન 'મા' પ્રભુજીનો આભાર માને છે. ત્યારબાદ જપયાત્રા થાય છે ને તે પછી 'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે...'ની શયનપ્રાર્થના અને નવમંત્રગાન બાદ વિશ્રામ.

પાંચ દિવસના સાધનાપર્વમાં આધ્યાત્મિક ઊર્જાના ઉપવનમાં શાંતિ અને આનંદપૂર્વક પસાર કરી સૌ ધન્ય બન્યાં.

**–સંકલન**

# ॥ પ્રાચીન ભારતમાં સમયયાત્રાના પ્રયોગો ॥

આજકાલ આપણે સમયના માપન માટે સેકન્ડ અને કલાકનો ઉપયોગ કરવા લાગ્યા છીએ એટલે આપણી પાસે સમયનું નાનામાં નાનાથી માંડીને મોટામાં મોટું માપ કર્યું છે, સમયમાપના જુદા જુદા કેટલા બધા વિવિધ પ્રકારના એકમો છે, આપણી સંસ્કૃતિ કેટલા વર્ષો જૂની છે અને ભારતમાં સમયયાત્રાના પ્રયોગો પણ સફળ રીતે થયા છે તેના વિશે આજની યુવા પેઢી અનભિજ્ઞ બની રહી છે ત્યારે આ વિશે માહિતી મેળવવી ખૂબ જ રસપ્રદ બની રહેશે. આજે વૈજ્ઞાનિકો પણ સ્વીકારે છે કે સમયમાં યાત્રા કરી શકાય છે અને સમય સાપેક્ષ છે; મતલબ બધા સ્થળોએ એક સરખો હોતો નથી. પરંતુ સમયયાત્રા કરવાના ચોક્કસ સાધનો અથવા પદ્ધતિ આધુનિક વિજ્ઞાન વિકસાવી શક્યું નથી. આથી સમયયાત્રાને વિજ્ઞાનનું સમર્થન હોવા છતાં પણ તે માત્ર એક કાલ્પનિક અવધારણા બનીને રહી ગઈ છે. પરંતુ ભારતમાં પ્રાચીનકાળથી સમયયાત્રાના સફળ પ્રયોગો થયેલા છે અને આપણા પુરાણોમાં હજારો વર્ષો પહેલાથી જ સમય સાપેક્ષ છે એ સત્ય વિશે લખેલું છે.

ભારતમાં સમયયાત્રાના સફળ પ્રયોગો વિશે વાત કરીએ તે પહેલા ભારતીય કાલગણનામાં સમયમાપનના જુદા જુદા એકમો વિશે ટૂંકમાં માહિતી મેળવી લઈએ. પશ્ચિમી પદ્ધતિમાં સમયમાપનનું સૌથી નાનું એકમ સેકન્ડ છે. પ્રાચીન વૈદિક એકમોમાં સમયમાપનનું સૌથી નાનામાં નાનું એકમ બ્રહ્મા છે. ૬ બ્રહ્મા એટલે એક તસરેણુ થાય અને ત્રણ ત્રણ તસરેણુ એટલે એક ત્રુટિ કહેવાય. આ એક ત્રુટિ એટલે એક સેકન્ડનો ૧/૧૬૮૭.૫મો ભાગ થાય. આવી ૧૦૦ ત્રુટિ એટલે એક વેધ જેટલો સમય કહેવાય. ત્રણ વેધ એટલે એક લાવા થાય અને ત્રણ લાવા એટલે કે આંખની એક પલક ઝપકાવવા જેટલો સમય થાય તેને એક નિમેષ કહેવાય. ત્રણ નિમેષની એક ક્ષણ થાય. આવી પાંચ ક્ષણ એટલે કે લગભગ ૮ સેકન્ડ જેટલો સમય એક કાષ્ઠા અને ૧૫ કાષ્ઠા એટલે બે મિનિટ જેટલા સમયને એક લઘુ કહેવાય. ૧૫ લઘુ એટલે એક નાડી અથવા દંડ કહેવાય અને ૨ દંડ બરાબર એક મુહૂર્ત અને ૬ થી ૭ મુહૂર્તનો એક પ્રહર થાય. ચાર પ્રહરનો એક દિવસ અને એટલા જ પ્રહારની

એક રાત્રિ થાય અને એક દિવસ-રાત મળીને આખો દિવસ થાય જેને અહોરાત્ર કહેવામાં આવે છે. આ સમયના સૌથી નાના અને દિવસ દરમિયાન ઉપયોગમાં લેવાતાં એકમો છે. સરકારે શાળાઓમાં આના વિશે શિક્ષણ આપવું જોઈએ. ભારતીય સમય મુજબ દિવસ રાત્રિના ૧૨ વાગ્યે શરૂ થતો નથી પણ એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો દિવસ ગણવામાં આવે છે.

સમયમાપનના સૌથી મોટા એકમો પણ આપણી પાસે છે જે પૈકી પ્રવર્તમાન સમયમાં સૌથી મોટા એકમ તરીકે ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં કલ્પની નોંધણી થયેલી છે પણ આપણી પાસે સમયમાપનનું તેનાથી પણ મોટું એકમ છે જે પરાર્ધ છે. ૭ અહોરાત્રનું એક સપ્તાહ અને બે સપ્તાહનું એક પખવાડિયું તથા બે પખવાડિયાનો એક માસ થાય છે. ત્રણ માસની એક ઋતુ થાય અને બે ઋતુનો એક અયન થાય છે. અયન મુખ્યત્વે ઉત્તરાયણ અને દક્ષિણાયન છે જે છ છ માસના હોય છે. બે અયન એટલે કે ૧૨ મહિનાનું એક વર્ષ થાય છે.

ભારતીય કાલગણનામાં સમય સાપેક્ષ છે એ સત્યને પહેલેથી દર્શાવવામાં આવ્યું છે. ધરતી પરનું એક માનવવર્ષ એટલે દેવતાઓનો એક દિવ્ય દિવસ થાય છે. આવી રીતે દેવતાઓના ૪૮૦૦ વર્ષ એટલે કે ૧૭ લાખ ૨૮ હજાર વર્ષનો સતયુગ છે. દેવતાઓના ૪૬૦૦ વર્ષ એટલે ૧૨ લાખ ૯૬ હજાર વર્ષનો ત્રેતા યુગ છે. દેવતાઓના ૨૪૦૦ વર્ષ એટલે ૮ લાખ ૬૪ હજાર વર્ષનો દ્વાપરયુગ અને દેવતાઓના ૧૨૦૦ દિવ્ય વર્ષ એટલે ૪ લાખ ૩૨ હજાર માનવવર્ષનો કળિયુગ છે. આ રીતે દેવતાઓના ૧૨૦૦૦ વર્ષ એટલે કે ૪૩ લાખ ૨૦ હજાર વર્ષ થાય ત્યારે પૃથ્વી પર એક ચતુર્યુગી પૂર્ણ થાય તેને એક મહાયુગ પણ કહેવામાં આવે છે. પૃથ્વી પર આવા ૧૦૦૦ મહાયુગ વીતે ત્યારે બ્રહ્માજીનો માત્ર એક દિવસ થાય છે. તેટલી જ લાંબી રાત્રી છે પરંતુ તે રાત્રિ દરમિયાન પૃથ્વી પર સંપૂર્ણ પ્રલય રહે છે. આ ૧૦૦૦ મહાયુગ એટલે કે બ્રહ્માજીના એક દિવસને પૃથ્વી પર એક કલ્પ કહેવામાં આવે છે. આ એક કલ્પ ૪ અબજ ૩૨ કરોડ માનવવર્ષનો હોય છે. ગિનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તે સમયનું સૌથી મોટું માપ છે.

આવી રીતે જે વર્તમાનમાં બ્રહ્માજી છે તે બ્રહ્માજીના ૫૦ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. બ્રહ્માજીના ૫૦ વર્ષ પૂર્ણ થાય તેને એક પારાર્ધ કહેવામાં આવે. હાલમાં બ્રહ્માજીનું ૫૧મું વર્ષ શરૂ થયું છે અને

દ્વિતીય પરાર્ધ શરૂ થયો છે. આ પરાર્ધ એ સમયનું સૌથી મોટું માપ છે. બ્રહ્માજીના એક પરાર્ધમાં પૃથ્વી પર ૭,૮૮,૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ વિતી ગયા હતા અને એટલો જ સમય બ્રહ્માજીની રાત્રિનો ગયો હતો. અત્યારે વર્તમાનમાં બ્રહ્માજીના ૫૧માં વર્ષનો પ્રથમ દિવસ છે અને બ્રહ્મલોકમાં અત્યારે સવારે ૯ વાગ્યા આસપાસનો સમય છે. આ દરમિયાન પૃથ્વી પર અગાઉ ૨૭ ચાતુર્યુગ વીતી રહ્યા છે અને ૨૮માં ચતુર્યુગમાં ૨૮મો કળિયુગ ચાલે છે.

આધુનિક યુગમાં આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ આવ્યો તે પહેલા જ ભારતના શાસ્ત્રોમાં સમય સાપેક્ષ છે તેનો ઉલ્લેખ છે એટલું જ નહિ પણ તેના કેટલાય અનુભવોનું પણ વર્ણન કરવામાં આવેલું છે. સાપેક્ષવાદના સિદ્ધાંત મુજબ કોઈ બે બાળક એક સાથે જન્મે તે પૈકી એક બાળક પ્રકાશ કરતા પણ વધારે ઝડપથી મુસાફરી કરે બંનેની ઉંમર અલગ હશે. પ્રકાશ કરતા વધારે ઝડપથી મુસાફરી કરીને સમયમાં યાત્રા કરી શકાય છે પરંતુ તે માટેનું સાધન શોધાયું ન હોવાથી હાલના સમયમાં તે શક્ય નથી. પણ ભારતમાં આ રીતે સમયયાત્રાના પ્રયોગો પ્રાચીન કાળથી થતા આવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણના જીવનકાળ દરમિયાન જ સમયયાત્રા સાથેની કેટલીક ઘટનાઓ પુરાણોમાં ઉલ્લેખ પામી છે. સતયુગમાં રાજા રૈવત પોતાની પુત્રી રૈવતીના લગ્ન માટે બ્રહ્માજીની સલાહ લેવા માટે બ્રહ્મલોકમાં ગયા ત્યારે ત્યાં ગાંધર્વ નૃત્ય ચાલતું હતું. એ પૂર્ણ થયા પછી બ્રહ્માજીએ તેમને જણાવ્યું કે અત્યારે આ સમય દરમિયાન પૃથ્વી પર યુગ બદલાઈ ગયો છે. અત્યારે ત્યાં દ્વાપરયુગ ચાલે છે અને તમે પૃથ્વી પર જઈને ભગવાન શ્રીકૃષ્ણના ભાઈ બલરામજી સાથે રેવતીના લગ્ન કરાવો. આવી જ બીજી એક ઘટના રાજા મુચુકંદની છે. રાજા મુચુકંદ દેવતાઓ માટે યુદ્ધ લડવા સ્વર્ગલોકમાં ગયા હતા. તેઓ એક વર્ષ સુધી ત્યાં રહ્યા પછી ઘરે પરત જવાની આજ્ઞા માગી ત્યારે દેવોના રાજા ઈન્દ્રએ તેમને જણાવ્યું કે પૃથ્વી પર અત્યારે આખો યુગ વીતી ગયો છે. તેમના કોઈપણ સગા સંબંધી કે તેમનું રાજ્ય વગેરે પણ હવે રહ્યા નથી. ભગવાન જગન્નાથના મંદિર સાથે પણ સમય યાત્રાની ઘટના જોડાયેલી છે. રાજા ઈન્દ્રદ્યુમ્ન નારદજી સાથે બ્રહ્માજીને આમંત્રણ આપવા માટે બ્રહ્મલોક ગયા હતા. તેઓ પૃથ્વી પર પરત ફર્યા ત્યારે યુગ વીતી ગયો હતો.

**—શ્રીયોગેશ કવીશ્વર**

## ॥ 'સ્વર્ગારોહણ' તીર્થભૂમિનો પ્રભાવ ॥

પ્રસંગો તો જીવનમાં અનેક બનતા રહે ક્યારેક કોઈ ઘટના સમજાય તો ક્યારેક અશક્ય પણ શક્ય બનતું લાગે. આજે વાત છે એ પ્રસંગની જે કદાચ પૂજ્ય 'મા'નાં આશીર્વાદનો, કરુણાનો, અને એક બાળકની પ્રાર્થનાનાં પ્રત્યુતરનો છે એમ કહું તો ખોટું નહિ ઠરે.

એક પદ પંક્તિ યાદ કરું તો કહી શકાય કે. 'છે સારથિ પદ સોંપ્યું તમને પછી ચિંતા થાય જરાય નહિ' આ વાત છે ૧૪ જાન્યુઆરી ૨૦૨૦ની. દીકરો શાશ્વત પતંગ ઉડાડવા માટે 'સ્વર્ગારોહણ' જવા કેટલા બધા દિવસથી મનોમન સજ્જ થયેલો કે હું પતંગ તો 'સ્વર્ગારોહણ' જ ઉડાડીશ, પણ બન્યું એવું કે ૧૦ જાન્યુઆરી શાશ્વતને ખૂબ તાવ આવ્યો. ૧૦૩, ૧૦૪ ડિગ્રી તાવ રહે. અમે ડૉક્ટરને બતાવ્યું, ડૉક્ટરે કહ્યું કે તેના રિપોર્ટ કરવા પડશે ને રિપોર્ટ કરાવ્યા તો ખબર પડી કે તેને ઇન્ફેક્શન થયું છે. હવે ડૉક્ટર કહે શાશ્વતને હોસ્પિટલમાં દાખલ કરવો પડશે, પણ એ તો એક જ વાત કહ્યાં કરે કે મારે તો 'સ્વર્ગારોહણ' જ જવું છે. તાવ એટલો બધો કે દર ૪ કલાકે દવા આપવા છતાં ઉતરે નહિ. બધાએ તેને સમજાવ્યો કે આ પરિસ્થિતિમાં લાંબી મુસાફરી કરીને 'સ્વર્ગારોહણ' નહિ જઈ શકાય, પણ તે તો માને જ નહિ. મને કહે મમ્મી હું દવા લઈને ગાડીમાં બેસી જઈશ, 'સ્વર્ગારોહણ' પણ શાંતિથી બેસી રહીશ,

તમે કહેશો એમ જ કરીશ પણ મારે 'સ્વર્ગારોહણ' તો જવું જ છે.

બાળહઠ સામે અંતે કશું ન ચાલ્યું અને અમે ૧૨ જાન્યુઆરીએ 'સ્વર્ગારોહણ' જવા નક્કી કર્યું. રસ્તામાં ગાંધીનગર રોકાયા કારણ કે શાશ્વતને તાવ હજુ ઉતરતો નહોતો. તે આજે આખી રાત સૂઈ ન શક્યો એટલે તાવ ભરેલો હતો. બીજા દિવસે બપોરે અમે 'સ્વર્ગારોહણ' પહોંચ્યા, પ્રભુને પ્રણામ કર્યા અને કુટિયામાં પ્રાર્થના કરી. અને તે દિવસે સાંજથી જ શાશ્વતને સાવ તાવ ઉતરી ગયો, દર ૪ કલાકે દવા આપવી પડતી હતી એના બદલે એકપણ વાર દવા ન આપવી પડી અને તે એકદમ સાજો થઈ ગયો. અમને તો બધાને થયું કે જાણે પૂજ્ય 'મા' જ એને બોલાવી રહ્યાં હતાં કે તું 'સ્વર્ગારોહણ' આવ પ્રભુને પ્રણામ કર, કુટીયામાં પ્રાર્થના કર તને સારું થઈ જશે.

હવે આ એક બાળહૃદયની પ્રાર્થના પૂજ્ય 'મા' પ્રભુએ સાંભળી તેમ કહીએ કે પછી 'સ્વર્ગારોહણ' તીર્થની ભૂમિનો પ્રભાવ..ફરી ફરી થેંક્યુ મા...પ્રણામ 'મા'...

**–શ્રીમીરાં અમૃતિયા**

# ॥ દક્ષિણેશ્વરનાં દર્શને ॥

કલકત્તાનાં મુખ્ય મુખ્ય સ્થળો એક દિવસમાં ફરી શકાય તેવી બસની વ્યવસ્થા અહીં મળી રહે છે. તેવી બસ અમે પણ કરી હતી. બીજે જ દિવસે તે બસ સમયસર આવી પહોંચતાં અમે સહુ કલકત્તાનાં યાત્રાધામો જોવા નીકળી ગયાં હતાં. યાત્રાના પ્રથમ દિવસથી જ 'મા'એ સંકીર્તન તરફ સહુને વાળ્યા હતા. યાત્રાનો એક પણ દિવસ એવો નથી ગયો કે સંકીર્તન ન થયું હોય. અમારી પૂર્વ ભારતની યાત્રાનું પ્રમુખ લક્ષણ અથવા તો પ્રમુખ આકર્ષણ જો કોઈ હોય તો તે સંકીર્તન જ હતું. નાના મોટા સહુ કોઈ સંકીર્તનમાં મન મૂકીને ભાગ લેતાં હતાં.

પ્રત્યેક ગાડીમાં એક માર્ગદર્શકની સેવા પણ આપવામાં આવે છે. માર્ગદર્શક ઘણે ભાગે હિંદી જાણતો હોય છે. જો કે તે અંગ્રેજી પણ સારું જાણતો હોય છે. તેથી તે ઉતાવળે કલકત્તાના મુખ્ય બજારોનો પરિચય પણ ચાલુ ગાડીએ અંગ્રેજીમાં આપતો જતો હતો તેને અમે કહી દીધેલું કે અમોને રામકૃષ્ણદેવનાં જેટલાં સ્થાનો છે તે જોવાનો જ રસ છે. અન્ય સ્થાનોની બાદબાકી કરી શકાશે, વળી અમારા સંકીર્તનની પણ તેને માહિતી આપવામાં આવી હતી. તે રસિયો જીવ હતો. એટલે તેણે સંકીર્તનને સ્વીકારી લીધું હતું. જેવો જોઈએ એવો માર્ગદર્શક અમને મળ્યો હતો તેથી અમે પરમાત્માની કૃપાનો આભાર માન્યો હતો.

વળી અમારી યાત્રાનું સમગ્ર શ્રેય શ્રી વિનોદભાઈ પટેલને ફાળે જાય છે. તેઓ ખાસ અમેરિકાથી સહુકુટુંબ આવ્યા હતા. તેમના આગ્રહથી આ યાત્રાનું આયોજન પૂ.'મા'એ કર્યું હતું. તેઓ પોતે ઇજનેર છે અને ન્યૂયોર્કમાં નોકરી કરે છે. તેમની બે નાની બેબીઓ સંકીર્તનમાં ખાસ ભાગ લેતી હતી. દસેક વર્ષની ભૈરવી હશે અને આઠેક વર્ષની મનીષા હશે. તેઓ બન્ને નિયમિત અમેરિકામાં પ્રાર્થના કરે છે. દરરોજ યોગેશ્વરબાવની

ને આરતી વ્યવસ્થિત રીતે ગાય છે. તે બન્ને છોકરીઓ પણ અમારી યાત્રાનું વિશેષ આકર્ષણ હતું.

તે બન્ને છોકરીઓ જ્યારે ધૂન ગવડાવતી ત્યારે વાતાવરણ ભક્તિમય બની જતું હતું. આ બસમાં પણ તેમની ધૂન મીઠી લાગતી હતી. આ રીતે અમારી ગાડી સંકીર્તનની હેલી મચાવતી કલકત્તાની ભરચક વસ્તીને ભેદતી લક્ષ્ય તરફ જઈ રહી હતી. કલકત્તાના સાંકડા રસ્તાઓ અને ગંદકીથી ખદબદતા કેટલાક લત્તાઓ કંટાળો ઉપજાવે તેવા હતા. જો કે કલકત્તા ભારતનું મોટામાં મોટું શહેર ગણાય છે. એક કરોડ ને બે લાખની વસ્તીવાળું શહેર આટલું બધું સંકડામણવાળું ને આટલું બધું ગંદુ હશે તેની કલ્પના અમે કરી ન હતી છતાં બંને છોકરીઓ ધૂન ગવડાવતી હતી એટલે અમે કલકત્તાની મર્યાદાઓને ભૂલી જતાં હતાં. અમારી બસ જેમ તેમ કરીને પોતાનો રસ્તો કાઢતી દક્ષિણેશ્વર તરફ જતી હતી ત્યારે કાશીપુરના બગીચાની વાત શાંતિભાઈ કનેરિયાએ યાદ કરી ને માર્ગદર્શકે એકદમ ગાડી થોભાવી દીધી હતી. કારણ કે કાશીપુરનો બગીચો આવી ગયો હતો !

રામકૃષ્ણદેવને બીમારીની છેલ્લી હાલતમાં જે સ્થળે રાખવામાં આવ્યા હતા ને સ્થળને કાશીપુરનો બગીચો કહે છે. આજે કોઈ અહીં બગીચો જણાતો નથી પરંતુ એકાંત સ્થળ જરૂર લાગ્યું. મોટું કંપાઉન્ડ ને વચ્ચે વિશાળ બંગલો છે. તે બંગલામાં રામકૃષ્ણદેવને રાખવામાં આવ્યા હતા. તે મકાન જૂના જમાનાની યાદ અપાવતું હતું. ગીચ વસ્તીનો ઘોંઘાટ જાણે કે શમી ગયો હોય તેવો અનુભવ કંપાઉન્ડમાં પ્રવેશતાં જ થાય છે. રામકૃષ્ણ મિશનના હાથમાં આ મકાન આજે પણ સુવ્યવસ્થિત રીતે રહી શક્યું છે. તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી. એકદમ ચૂપચાપ યાત્રાળુઓ મકાનમાં પ્રવેશ્યા હતા ને માળ પર ચાલ્યા ગયાં હતાં. માળ પર પૂ.'મા' ધ્યાનમાં બેસી ગયાં હતાં.

તેમની સાથે અન્ય પણ કેટલાંક બેઠાં હતાં. નીચેના ભાગમાં એક ઓરડાને શારદામણિદેવીના ઓરડા તરીકે પૂજવામાં આવે છે. બહાર વરંડામાં રામકૃષ્ણદેવના અનુયાયીઓના ફોટાઓ પણ સ્થળના મહિમાનું મૂક ગાન કરતા હતા. માર્ગદર્શકના કહ્યા પ્રમાણે કાલિમંદિર પણ સમયસર પહોંચવાની આવશ્યકતા હતી તેથી વિલંબ કર્યા વિના અમે સહુ ત્યાંથી રવાના થયાં હતાં.

અમે સમયસર દક્ષિણેશ્વર પહોંચી ગયાં હતાં. ત્યાંનું ભવ્ય કાલિમંદિર અને રમણીય ગંગાકિનારા વિશે ઘણું બધું વાંચ્યું હતું. પ્રથમ કાલિમંદિરમાં દર્શન કરવાનો અમે પ્રયત્ન કર્યો હતો. રામકૃષ્ણદેવે જેની વીસ વર્ષ સુધી એકધારી પૂજા કરી હતી તે બડભાગી મૂર્તિનાં દર્શન કરવાની અમારી ઝંખના હતી. ભીડ પણ પુષ્કળ હતી. છતાં બને તેટલી નજીકથી અમે દર્શન કર્યાં હતાં ને માનસિક સમાધાન કર્યું હતું.

બહાર શિવાલયો પણ છે તેનાં પણ દર્શન કરી અમે જ્યાં રામકૃષ્ણદેવ નિવાસ કરતા હતા તે ઓરડામાં પહોંચી ગયાં હતાં. ત્યાં અનેક શ્રદ્ધાળુઓ બેસીને જાપ કરતા જણાયા હતા. કેટલાક ધ્યાનમાં મગ્ન બની ગયા હતા.

અમારામાંથી પૂ. 'મા' પણ ધ્યાનસ્થ થઈ ગયેલાં હતાં. બીજા બધાં અમે બહાર નીકળી શારદામણિદેવીના નિવાસસ્થાને ગયા હતાં તે નિવાસસ્થાન અતિશય નાનું હતું. કેમ કરીને ત્યાં શારદામણિદેવી રહ્યાં હશે તે કલ્પના કરવી મુશ્કેલ છે. કારણ કે તે જમાનામાં તો અહીં જંગલ જેવું હશે. પાસે વસ્તી નહિ ને માત્ર ઝાડી હોય તો મરદને પણ બીક લાગે તો સ્ત્રીની તો વાત જ શી કરવી ?

આજે તો ગીરદીનો કોઈ પાર નથી. ગંગાઘાટે પગથિયાં ઉતરીને અમે હાથપગ મ્હોં ધોઈ સ્નાન કર્યાનો સંતોષ અનુભવ્યો હતો. બાકી ગંગાસ્નાનનો મહિમા અહીં ઘણો જ હતો. ગંગાઘાટની નજીકમાં ઝાડની ફરતો ચોરો બાંધેલો જોઈ અમે ત્યાં ગયાં હતા તે જગ્યા તો

ઘણી જ પાવન જગ્યા હતી. પરંતુ આજે વધારે પડતી લોકોની અવર-જવરને કારણે ગંદી બની જવા પામી છે. તે આપણા દેશની કરુણતા છે. આ જગ્યાએ તો ગુરુ તોતાપુરીએ ધૂણી ધખાવી તે જમાનામાં ધામો નાખ્યો હતો ત્યારે તો આ સ્થળ જંગલ તરીકે ગણાતું હતું. તોતાપુરી જ્ઞાનીપુરુષ હતા. રામકૃષ્ણદેવ ભક્તપુરુષ હતા. બંનેમાં એકમેકની ખૂટતી કડી પૂરવા જાણે કે પરમાત્માએ બંનેનું અપૂર્વ મિલન કરાવ્યું હતું. તે સ્થળના દર્શન કરીને અનુપમ પ્રસંગની યાદમાં મન નિમગ્ન બની ગયું હતું.

આ સ્થળે તો પૂજ્ય શ્રી પણ આવ્યા હતા ને રહ્યા હતા. તેમની અપૂર્વ ભક્તિને કારણે સાક્ષાત્ જગદંબા મહાત્માજીની સેવા કરવા અહીં પ્રગટ થયા હતા. તે 'પ્રકાશના પંથે'નો પ્રસંગ માનસપટ પર તાદશ થયો હતો. જગદંબાના તે અનુપમ સ્વરૂપનું વર્ણન તે પ્રકરણમાં મહાત્માજીએ કર્યું જ છે. અમને પણ તેવા કોઈ સ્વરૂપનું દર્શન થઈ જાય તો કેવી મઝા પડે એમ મન વિચારતું હતું. જોકે અમારી લાયકાત તો હતી જ નહિ. છતા પૂ.'મા' હતાં એટલે કદાચ પરમાત્મા કૃપા કરી દે તેવી સંભાવના લાગતી હતી.

એકવારનાં દર્શનથી અમને તૃપ્તિ થઈ નહોતી એટલે અમે બીજીવાર પણ અહીં આવ્યાં હતાં. બીજીવાર આવ્યા ત્યારે પરમાત્માએ થોડી કૃપા કરી હોય તેવો અનુભવ જરૂર થયો હતો. તે સ્વરૂપનાં દર્શનનો પ્રસંગ નહોતો. પરંતુ રામકૃષ્ણદેવના એક અનન્ય ભક્તની મુલાકાતનો પ્રસંગ હતો. તેઓ મધ્યમ કદના અને સફેદ વસ્ત્રોમાં સજ્જ હતા. પહેરવેશ શુદ્ધ બંગાળી હતો. શરીરનો રંગ ઘઉંવર્ણો હતો. તેમને અંગ્રેજી પણ સારી રીતે આવડતું હતું. તેઓ એક સ્થિતિપાત્ર વેપારી હતા. પરંતુ આ સ્થળે ચાર-પાંચ કલાક રોજ આવીને ભજન કર્યા વિના તેમને ચેન પડતું ન હતું. તેમની રગેરગમાં રામકૃષ્ણદેવ માટે અપૂર્વ પ્રેમ ઉભરાતો હતો. તેમની વાણીમાં આત્મબળનું ઓજસ હતું. ગમે તેવા

માણસને ભક્તિથી ભીંજવી નાંખે તેવી તેમની સંગમાં બેસીને અમે સત્સંગની મઝા માણી હતી. અચાનક મેઘરાજાએ મહેર કરીને અમને અમારી બસમાં જવાની ફરજ પાડી હતી. અમે ત્યાંથી બેલૂર મઠ જોવા માટે રવાના થયા હતા.

ગંગાજીને એક કિનારે દક્ષિણેશ્વર છે તો બીજે કિનારે બેલૂર મઠ છે. હોડીમાં બેસીને પણ સામે જઈ શકાય છે પરંતુ અમારું સાધન અલગ હોવાથી ફરી ફરીને અમે બેલૂર મઠ પહોંચ્યા હતાં. એ બહાને કલકત્તા શહેરનાં અન્ય વિસ્તારો જોવા મળ્યા હતા.

બેલૂર મઠનું નિર્માણ સ્વામી વિવેકાનંદજીને હાથે થયું હતું. મકાનની રચના ભવ્ય છે. જગતના સર્વ-ધર્મની નિશાનીઓ કલાત્મક રીતે વણી લેવામાં આવી છે. અંદર તો એક વિશાળ હોલ જ છે. એક છેડા પર રામકૃષ્ણદેવની પ્રતિમા છે કે જ્યાં નિયમિત પૂજાવિધિ કરવામાં આવે છે. ત્યાં દર્શન કરી લોકો ધ્યાન કરવા હૉલનો ઉપયોગ કરે છે. અમે લોકોએ પણ તે રીતે દર્શન કર્યા હતાં. ને ધ્યાનમાં બેસી આનંદ માણ્યો હતો. ત્યાર પછી બહાર નીકળી અમે વિવેકાનંદજીના અંતિમ દિવસો જે મકાનમાં પસાર થયા હતા ત્યાં ગયા હતા. મકાનમાં પલંગ, ચાદર, કપડાં ને પાવડી સંઘરવામાં આવ્યા છે. તે જોઈને મને નેવું વર્ષ પહેલાનો જમાનો યાદ આવ્યો હતો. કહેવાય છે કે વિવેકાનંદને બદ્રીકેદારમાં ભગવાન શંકરની આશિષ પ્રાપ્ત થઈ હતી. ભગવાન શંકરે કહેલું કે જે ઘડીએ એને એના સ્વરૂપનું ભાન થશે તે ઘડીએ તે દેહ છોડી દેશે. આજ મકાનમાં આ બંને મહાવાણીઓ ફળી હતી. સ્વરૂપનો સાક્ષાત્કાર થતાં તેમણે દેહ છોડી દીધો હતો એટલું જ નહિ પણ તેમણે પોતાની ઈચ્છા મુજબ દેહ છોડી જગતની વિદાય લીધી હતી તે બન્ને હકીકતોના સાક્ષીસ્વરૂપે આ મકાન ગંગાઘાટે અમને ભારતના ભવ્ય ભૂતકાળની અમર ગાથા કહી રહ્યું હતું.

બેલૂરમઠથી અમે બલરામવાટી જવા નીકળી ચૂક્યાં ત્યારે સાંજ પડવાની તૈયારી હતી. રસ્તામાં ગિરીશ ઘોષનું ઘર આવ્યું ત્યાં અમે દર્શન માટે નીચે ઉતરી પડ્યાં હતાં. આ મકાન ભૂતકાળમાં વિશાળ હોવું જોઈએ એમ લાગ્યું. આજે તો રસ્તામાં તેનો ઘણો ખરો ભાગ કપાઈ ગયો હતો. છતાં ત્યાં પુસ્તકાલય જેવું હતું. આ મકાનમાં રામકૃષ્ણદેવ અનેકવાર આવીને રહેતા હતા. ગીરીશ ઘોષે રામકૃષ્ણદેવની ઘણી સેવા કરી હતી તેની યાદ અપાવે તેવા ફોટાઓ પણ ત્યાં હતા.

ત્યાંથી નજીક જ બલરામવાટીનું સ્થાન હતું. ત્યાં પગે ચાલીને ગયાં હતાં. મિશનના વ્યવસ્થાપક ત્યાં હાજર હતા. તેમણે જાતે અમોને પુરાણી કથની કહેતાં કહેતાં મકાન બતાવ્યું હતું. તેઓ જો કે વૃદ્ધ હતા. તેમની સાથે વાર્તાલાપ થતાં માલૂમ પડ્યું હતું કે આ મકાનમાં શારદામણિદેવી આવીને રહેતાં હતાં ત્યારે તેઓ દસેક વર્ષની ઉંમરના હતા. તેઓ નિયમિત શારદામણિદેવી પાસે આવીને બેસતા ને શારદામણિદેવી તેમને પ્રસાદ આપતાં તે પ્રસંગો કહેતાં તેમની મુખાકૃતિ અપૂર્વ આનંદથી ઝગમગી ઉઠી હતી. મેં તેમને પૂ.'મા' સર્વેશ્વરીનો પરિચય આપ્યો હતો. પૂ.'મા'ની તપશ્ચર્યાનો ઈતિહાસ સાંભળી તેઓ પૂ.'મા'ને પગે લાગ્યા હતા તે દૃશ્ય કેવી રીતે ભૂલી શકાય ? તે દિવસે 'મા'ના ઉપવાસના ૪૮૭ દિવસ પૂર્ણ થયા હતાં. તેમના શરીર પર થાક કે કંટાળો જણાતા ન હતા. તેમની મુખાકૃતિ પર તાજગી હતી. એક પ્રકારનું ઓજસ હતું. કોઈપણ પ્રકારનો ખોરાક નહિ, કોઈ પણ પ્રકારનું ફળ નહિ. કદી દૂધ પણ નહિ, માત્ર એક ગ્લાસ પાણી ચોવીસ કલાકમાં એક જ વાર ગ્રહણ કરનાર પવિત્ર આત્માનાં દર્શન કરી તે વયોવૃદ્ધ મહાત્માએ ધન્યતાની લાગણી અનુભવી હતી તેના અમે સાક્ષી બન્યા હતાં.

—શ્રીઈશ્વરભાઈ પરમાર્થી

# ॥ કબીર : ઉચ્ચ સ્તરની ચેતનાનો મહાધોધ ॥

આજથી છસો વર્ષ પહેલાં (ઈ.સ.૧૩૯૮-૧૫૭૫) ભારતીય ઈતિહાસમાં, ‘સાહિત્ય-અધ્યાત્મ’ની કવિતાના ઈતિહાસમાં એક એવો પ્રતિભાસૂર્ય ઝળહળ્યો કે જે હતો મધ્યકાલીન, લાગતો હતો અર્વાચીન પણ છે અને રહેશે સદાકાલીન ! શાશ્વતીનું તેજ રેલાવતા પ્રસારતા રવિ એટલે કવિ કબીર. કબીર એ વિશેષ નામ જ નથી, એનો પરિચય પણ છે કેમકે અરૅબિક ભાષામાં ‘કબીર’નો અર્થ ‘મહાન’ કે ‘શ્રેષ્ઠ’ થાય છે. અને કબીરનો જન્મ-જીવન-જીવનકાર્ય-દેહવિલય સર્વમાં એમની મહાનતા-અનન્યતા જ ગોચર થાય છે. આ વાત વીગતે જોઈએ. કબીરનો જન્મ બ્રાહ્મણને ઘેર, ઉછેર મુસલમાન વણકરને ઘેર ! જીવનભર જેને કબીરનો ‘ક’ લખતાં પણ ન આવડ્યો એના શ્રીમુખે સરસ્વતી એવી સતત વહી કે શિષ્યો લિપિબદ્ધ કરીને, જ્ઞાનીઓ, ભક્તો, સાધકો, કવિઓ, વિવેચકો એનો અર્થ-મર્મ ગ્રહીને, અભણ જનસમૂહ ભજનિકો પાસે એનાં ભજનો સુણીને ધન્ય ધન્ય થઈ ગયા. આજે પણ કબીરવાણીનો પ્રભાવ વિદ્વાનોના ચિત્ત પર તરોતાજા છે.

‘જાતિપાંતિ પૂછૈ નહિ કોઈ, હરિ કો ભજૈ સો હરિ કો હોઈ’નો મંત્ર ગુરુ રામાનંદ પાસેથી લઈ, (યોગસાધના, સૂફીમત ને વૈષ્ણવભજનના સાર તત્ત્વોના સંમિશ્રણમાંથી) ‘ઉચ્ચ સ્તરની એક ચેતનાનો મહાધોધ’ એવો છૂટ્યો કે કોઈપણ વાદ, સંપ્રદાય, માન્યતા કે વિચારધારામાં એ ન અટક્યો. કેવળ સત્સંગ અને વિવિધ યાત્રાઓથી સંપન્ન ‘નિર્ભ્રાન્ત સત્ય’નો સાક્ષાત્કાર જાણે કબીરવાણી રૂપે થયો. અને નિરંહકાર સ્વરૂપ પ્રગટ્યું.

‘જબ મૈં થા તબ હરિ નહિ અબ હરિ હૈ મૈં નહિ.’ નમ્ર કબીર નિખાલસતાથી સરળતાથી કહે છે,

૧. 'મસિ કાગજ છુઆ નહિ, કલમ ગ્રહી નહિ હાથ,' અનુભૂતિનું માહાત્મ્ય કરતાં કહે છે :

'લિખાલિખી કી હૈ નહિ દેખાદેખી કી બાત
દુલહા દુલહિની મિલ ગયે ફીકી પરી બારાત'

૧ 'બીજક', 'ગુરુગ્રંથસાહેબ'માં ૫૦૦-૨૫૦ સાખીઓ પદો, 'કબીરગ્રંથાવલિ' ક્ષિતિમોહન સેને ચાર ભાગમાં 'કબીર' ટાગોરે ૧૦૦ પદોનો અંગ્રેજી અનુવાદ કર્યો. ૪૦ જેટલા ગ્રંથો કબીરને નામે ચઢેલા છે. સેંકડો વર્ષો, હજારો કંઠોની યાત્રા કરી ચૂકેલી 'કબીરવાણી' એવું રૂપ ધારી ચૂકી છે કે એના મૂળ સ્વરૂપની ભાળ મળવી અશક્યવત્ છે. છતાં હજારીપ્રસાદ દ્વિવેદીએ પ્રમાણભૂત સામગ્રી અર્પી છે.

૨. કબીર આત્મપ્રતીતિથી કહી શકે છે :

'પોથી પઢી પઢી જગ મૂઆ પંડિત ભયા ન કોય
ઢાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોય'

'ઈશ્વર' ભીતર જ છે, એ કહેવા :

૧. તેરા સાહેબ હૈ ઘટ માંહી, બાહ્ર નૈના ક્યોં ખોલે
કહે કબીર સુનો ભાઈ સાધા સાહબ મિલિ ગયે તિલ ખોલે

* સાંઈ તેરા તુઝ મેં જ્યોં પુષ્પન મેં બાસ
કસ્તૂરી ન મિગર જ્યોં ફિરફિર ઢૂંઢે ઘાસ

૨. મોં કો કહાઁ ઢૂંઢે બંદે, મૈં તો તેરે પાસ મેં
ના મૈં દેવલ, ના મૈં મસજિદ, ના કાબે-કૈલાસ મેં
ના તો કૌન ક્રિયા કર્મમમેં નહિ યોગ વૈરાગયે
ખોજી હોય તો તુરતે મિલિ હીં પલ ભર કી તલાસ મેં
કહૈ કબીર સુનો ભાઈ સાધો, સબ સાંસો કી સાંસ મેં

૩. આ જ વાત ‘અવળવાણી’ દષ્ટાંત થી કહે છે
‘પાની બિચ મીન પિયાસી
મોંહિ સુન સુન આવૈ હાંસી’
૪. મૂર્તિપૂજા પર પ્રહાર કરતાં
‘જો પથ્થર પૂજે હરિ મિલે
તો મૈં પૂજું પહાડ’
૫. મુલ્લાંની ખબર લેતાં કહે છે :
‘મુલ્લા હોકર બાંગ જો દેવે
ક્યા તેરા સાહબ બહરા હૈ’
૬. પણ પછી પરવરદિગારની અસીમ કરુણા માટે
અદ્‌ભુત કલ્પન આપતાં કહે છે :
‘કીડી કે પગ ને પર બાજે
સો ભી સાહબ સુનતા હૈ’
૭. પંડિતોને સપાટામાં લેતાં—
‘માલા ફેરી તિલક લગાયા લંબી જટા બઢાના હૈ
અંતર તેર કુફર કટારી યોં નહિ સાહબ મિલના હૈ’

કબીર પ્રચંડ સમાજસુધારણાના આહ્‌વાન માટે વ્યંગ-વાણીની તેજાબધારા વહાવવા સાધુક્કડી બળૂકી ભાષાનો આશ્રય લે છે ત્યારે એનું ‘આખાબોલું વ્યક્તિત્વ’ શતશઃ સત્યપ્રકાશ રેલાવી રહે છે.

‘મોટા બ્રાહ્મણ છો તો ‘મા’ના પેટમાંથી જનોઈ લઈને જન્મવું હતું ને ? મોટા મુસલમાન છો તો સુન્નત સાથે જ કેમ ન જન્મ્યા ?’

પછી કહે છે :

‘એક બૂંદ ઐકે મલ-મૂતર, એક ચામ, એક ગુદા
એક જોતિથૈં સબે ઉત્પન્ન હો બાંભમ હો સૂદા’

પણ કબીરની 'તીખી વાણી' દેશકાળ માટેનો 'આપદ્ધર્મ' જ હતી. વૈચારિક સ્વાતંત્ર્યની દિશામાં એનું અભૂતપૂર્વ પ્રદાન છે. ગતાનુગતિકતા, ધર્માંધતા, દંભ-પાખંડ, અંધશ્રદ્ધા વગેરે પર કુઠારાઘાત કરી એ 'સત્યનિષ્ઠ આચાર-વ્યવહારની' પ્રતિષ્ઠા કરે છે. અને ઈશ્વરનું અદ્દ્ભુત કલ્પનાચિત્ર અર્પે છે :

'પરમેશ્વર એક મૂળ વગરનું વૃક્ષ છે એને નથી ફળફૂલ પાન ! એના પર એક પક્ષી પગ વગર નૃત્ય કરે છે, હાથ વગર સાજ વગાડે છે, જીભ વગર ગાય છે ખૂબી એ છે કે ગાનારનાં રંગરૂપ કોઈ જાણતું નથી. સદ્દગુરુ મળી જાય તો કદાચ બતાવે.'

'કહત કબીર કોઈ સંત જન જૌહરી
કરમકી રેખ પર મેખ મારે'

એ જ સદ્દગુરુ 'ભગવાનનો ભેખ' ધારે અને

'જ્ઞાન કા ગેંદ કર, સુર્ત કા ડંડ કર
ખેલે ચૌગાન-મેદાન માંહી
જગત ન ભરમ ના છોડ દે બાલકે
આય જા ભેષ ભગવંત માંહિ'

—પણ આ બધી અનુભવની વાતો છે. જે વર્ણનાતીત છે. 'ગૂંગે કા ગૂડ ભાઈ'

'બાહર-ભીતર સકલ નિરંતર
ગુરુ-પરતાપે દીઠા જો'

પોતાની અશક્તિ બતાવતાં કબીર કહે છે :

'ભારી કહૌં તો બહુ ડરૌં, હલકા કહૌં તો જૂઠા
મૈં કા જાણો રામ કું નૈન કબહું ના દીઠા'

પણ પછી 'અદ્વૈતની સમજણ' આપતાં —

'દરિયાવ કી લહર દરિયાવ હૈ જી

દરિયાવ ઔર લહર ભિન્ન કોયમ્
ઉઠે તો નીર હૈ બૈઠે તો નીર હો
કહો કિસ તરહ દૂસરા હોયમ્'

આત્મતત્ત્વને સમજવા પ્રીછવા મૂલ્ય ચૂકવવું પડે :

'પ્રેમ ન બાડી ઊપજૈ પ્રેમ ન હાટ બિકાય
રાજા પરજા જેહિ રુચૈ સીસ દેહી લહી જાય'

ગુરુમહિમા કબીરે ઘણો કર્યો છે :

ગુરુ ગોવિન્દ દોઉ ખડે કાકો લાગૌં પાય
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાય
બલિહારી ગુરુ આપકી ઘડી ઘડી સૌ બાર
માનુષ સે દેવતા કિયા કરત ન લાગી બાર ॥

કબીર દ્વૈતવાદનો વિરોધી, પણ 'રામનામ'નું ગૌરવ કહે છે :

'નામ અમલ ઊતરે ના ભાઈ
ઔર અમલ છિન છિન ચઢિ ઉતરે
નામ અમલ દિન બઢૈ સવાઈ'

'પ્રીતમ કો પતિયા લિખું, જો કહું હોય વિદેસ
તન મૈં મન મેં નૈન મેં તાકો કહાં સંદેશ'

'સંતો સહજ સમાધિ ભલી
સાંઈ તે મિલન ભયો જા દિન લેં સુરત ન અન્ત ચલી
આંખ ને મુદૂ કાન ન રૂંધૂં, કાયા કષ્ટ ના ધારૂં
ખુલે નૈન મેં હંસ હંસ દેખૂં સુન્દર રૂપ નિહારૂં
કહૂં સો નામ સૂનું સો સુમિરન, જો કુછ કરું સો પૂજા
ગિરહ-ઉદ્યાન એક સમ દેખું, ભાવ મિટા ઉં દૂજા
જહં જહં જાઉં સોઈ પરિકરમા, જો કછુ કરું સો સેવા

જબ સોઉ તબ કરું દંડવત્ પૂજું ઔર ન દેવા
શબદ નિરંતર મનુઆ સતા, મલિન બચન કા ત્યાગી
ઊઠત-બૈઠત કબહું ન બિસરૈ, ઐસી તારી લાગી
કહૈ કબીર યહ ઉનમુનિરહની સો પરગટ કર ગઈ
સુખ દુઃખ કે ઈક પરે પરમ સુખ, તેહિયેં રહા સમાઈ
સંતો, સહજ સમાધિ ભલી'

કબીરની સમગ્ર કાવ્યસૃષ્ટિની આ ધ્રુવપંક્તિ !

તત્ત્વદર્શન જેટલું ગહન તેટલું જ પારદર્શક. કવિતા કલ્યાણી બનીને અવતરે છે.

'જીવન' અને 'અધ્યાત્મ' અલગ નથી, 'જીવનયોગ' તરફ લઈ જતી અધ્યાત્મવિભાવનાનું ગંગોત્રીસ્થાન એટલે કબીરવાણી. તેથી જ કહેવાયુ;

'આપણે ક્યાં કદી લખ્યું 'રઈશ'
એક મીરાંએ લખ્યું એક કબીરે લખ્યું'

'કબીર' આમ તો ત્રણ અક્ષરનું નામ પણ બરાબર ઉચ્ચારી શકાય તો કુંડલિની જાગ્રત થઈ જાય. એના મશાલ જેવા શબ્દો હૃદયને ઝળાંહળાં કર્યા કરે.

'કવિ' અને 'ઋષિ' એ બંને શબ્દો જે બિંદુએ મળે ત્યારે સર્જાતો ચમત્કાર એ કબીર છે. કોઈપણ પદ કે સાખી મહામંત્ર બની શકવાની ક્ષમતા ધરાવે છે.

નોબેલ પારિતોષિક વિજેતા રવીન્દ્રનાથ ટાગોરે જ્યારે કબીરનાં સો પદોનો અંગ્રેજી અનુવાદ કરી પશ્ચિમને આ સંતકવિનો પરિચય કરાવ્યો ત્યારે એઝરા પાઉન્ડથી બોલાઈ ગયેલું : 'નોબેલ પારિતોષિકનો અધિકારી કવિ તો આ રહ્યો !'

—સંકલન

## ।। ત્રણ પ્રતિભાવંત નારીરત્નો ।।

## ।। શ્રીઅનુબહેન ઠક્કર ।।

**(જ.૬ સપ્ટેમ્બર, ૧૯૪૪, અંજાર, કચ્છ; અ.૧૮ ડિસેમ્બર, ૨૦૦૧, ગોરજ) ગુજરાતનાં સંનિષ્ઠ સમાજસેવિકા, ‘મુનિ સેવા આશ્રમ’નાં સંસ્થાપિકા.)**

ભારત જેવા પુરુષપ્રધાન દેશમાં બાળકીના જન્મ વખતે ખિન્નતા, તેના ભણતર વિશે ઉદાસીનતા અને તેમાંય જો માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બાળકી હોય તો તેના ઉછેરમાં બેજવાબદારીભર્યું વર્તન જોવા મળે છે. આવી બાળકીઓ માટેના સેવાયજ્ઞમાં અનુબહેન ઠક્કરે પોતાનું જીવન સમર્પણ કર્યું.

માતા ભગવતીબહેન અને પિતા ગોવિંદજી પાસેથી ઉચ્ચ સંસ્કારો અને સેવાપરાયણતાના પાઠ ભણીને મોટાં થયાં. પિતાની બદલી થતાં અમદાવાદ નજીક પોતાના મોસાળના ગામ સાણંદમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મેળવ્યું. એ પછી વર્નાક્યુલર પાસ કરી શિક્ષિકાની નોકરી શરૂ કરી. તે સમયે ઘણાં પ્રેરણાદાયી જીવનચરિત્રો વાંચ્યાં અને તેમાંથી પ્રેરણા લઈને જીવનમાં કંઈક કરી અનેક દુઃખી, પીડિતોની વહારે ધાવું તેમ નક્કી કર્યું. વિવેકાનંદના જીવનચરિત્ર અને ગાંધી-વિચારોથી ખૂબ પ્રભાવિત થયાં અને તે જ અરસામાં વેડછી આશ્રમની મુલાકાત લેતાં ‘વેડછીના વડલા’ જુગતરામ દવેનાં કાર્યોથી પ્રભાવિત થયાં.

હરિદ્વારના ‘મુનિ મહારાજ’ તરીકે ઓળખાતા સંત સાણંદમાં પધાર્યા. અનુબહેન તેમનાં શિષ્યા બન્યાં અને મુનિ

મહારાજને પોતાનાં સેવાકાર્યના ધ્યેયની વાત કરી. સંતે તેમને પોર, ઈટોલા, પોરગામડી અને ગોરજ એ ચાર સ્થળો દર્શાવ્યાં. અનુબહેને એ ચારે ગામોની મુલાકાત લઈને ગુરુના આશીર્વાદ સાથે વડોદરા જિલ્લાના વાઘોડિયા ગામથી આઠ કિલોમીટર દૂર આવેલા સાવ વગડાઉ એવા ગોરજ ગામની સીમ પસંદ કરી. એક ઘટાદાર વૃક્ષની આસપાસ ઓટલો કર્યો, પરાળની ઝૂંપડી બનાવી અને ત્યાં સેવાની ધૂણી ધખાવી. પહેલાં તો ગામડાના નિરક્ષર, ભોળા આદિવાસી લોકો પોતાનાં બાળકોને અનુબહેન પાસે ભણવા મોકલવા સહેજે તૈયાર થયા નહિ. વળી કેટલાંક માથાભારે તત્ત્વોએ તો અનુબહેનને એ જગ્યા જ છોડી દેવાની ધમકીઓ આપી, પણ અનુબહેન ધીરજ અને હિંમત રાખી પોતાના કામ માટે કૃતનિશ્ચયી હતાં.

તેઓએ આજુબાજુના મજૂરી કરી પેટિયું રળતા લોકોનાં નાનાં નાનાં બાળકો માટે બાલમંદિર શરૂ કર્યું. પ્રારંભે તો માત્ર ચાર-પાંચ બાળકો ભણવા આવતાં. અનુબહેન તેમને નવડાવે-ધોવડાવે, થોડો નાસ્તો આપે, વાર્તાઓ કહે અને એમ પરિચય કેળવે. ધીરે ધીરે લોકોને એમનામાં વિશ્વાસ બેઠો અને બાળકો તેમની પાસે આવવા લાગ્યાં. થોડા સમય પછી તો ગામવાસીઓ બે-ત્રણ અનાથ બાળકીઓ અનુબહેનને સોંપી ગયા અને અનુબહેને તેઓને પ્રેમથી પોતાની પાસે રાખી લીધી અને એનો ઉછેર કર્યો. ૪ માર્ચ, ૧૯૮૦ના દિવસે અનુબહેને પોતાના સમાજસેવાના સ્વપ્નને સાકાર કરવા 'મુનિ સેવા આશ્રમ'ની શરૂઆત કરી.

સમાજથી તરછોડાયેલાં અને વિખૂટાં પડી ગયેલાં નવજાત શિશુઓ અને નિરાધાર બાળકોને પરિવારની હૂંફ અને આશ્રય

મળે તેવા ઉમદા આશયથી 'પરિવાર મંદિર'ની સ્થાપના કરી. થોડા સમય બાદ નવજાત શિશુઓને સુયોગ્ય અને નિઃસંતાન દંપતીઓને દત્તક આપવાનું પણ શરૂ કર્યું. એમને મનમાં અસહાય અને માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બહેનોને મદદ કરવાની ઝંખના હતી તે સાકાર કરવા 'ભગિની મંદિર'ની રચના કરી, જેમાં આવી બહેનોને રહેવાની અને સંભાળ લેવાની સગવડ કરી; એટલું જ નહિ, પણ પોતે કંઈક કરી શકે છે તેવો આત્મવિશ્વાસ કેળવાય તે હેતુથી ભરત-ગૂંથણ, સીવણકામ, ચિત્રકામ વગેરેની તાલીમ પણ આપવામાં આવી. સમય જતાં પાપડ બનાવવાના ગૃહઉદ્યોગની પણ અહીં વ્યવસ્થા કરવામાં આવી. 'ભગિનીમંદિર' જુદી જુદી પ્રવૃત્તિઓથી ધમધમતું થવાથી પહેલાં જે 'મુનિ સેવા આશ્રમ'ના કૅમ્પસમાં હતું, તે ૧૭ ઑક્ટોબર, ૧૯૯૭થી એક કરોડના ખર્ચે બનેલી અદ્યતન ઈમારતમાં ખસેડવામાં આવ્યું.

આ ઉપરાંત 'આરોગ્યમંદિર' ઊભું કરવામાં આવ્યું, જ્યાં અદ્યતન તબીબી સાધનોથી સજ્જ એવી હૉસ્પિટલ બનાવી. આમાં મૅડિકલ, સર્જિકલ, ઑર્થોપેડિક વિભાગો સાથે કમ્પ્યૂટરરાઈઝ પૅથૉલૉજી લૅબોરેટરી, એક્સ-રે, તથા સોનોગ્રાફીની સુવિધા પણ રાખી. સો જેટલા આઉટડોર દર્દીઓને સારવાર આપવા માટેની વ્યવસ્થા પણ કરી.

'મુનિ સેવા આશ્રમ' વર્ણાશ્રમના અંતિમ આશ્રમ, વાનપ્રસ્થાશ્રમને કેમ ઉવેખે ? અનુબહેને 'વાનપ્રસ્થ મંદિર' પણ ઊભું કર્યું, જેમાં વૃદ્ધો ભજન-કીર્તન કરી, સત્સંગ કરે, ધ્યાન અને વાચનની પ્રવૃત્તિ પણ કરે અને જીવનના અંતિમ દિવસો પણ આનંદથી પસાર કરે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ

બધા વિભાગો માટે દૂધ, દહીં, છાશ, ઘી વગેરેની જરૂર રહે તેથી 'ગૌમંદિર'ની રચના કરી, જ્યાં લગભગ દોઢસો જેટલી ગાયો રાખવામાં આવી. ખેતી માટે ખાતર અને ઈંધણ માટે ગોબર ગૅસ પણ અહીં જ મળી રહે તેવી વ્યવસ્થા કરી. ૧૯૯૮માં કૅન્સર હૉસ્પિટલ પણ શરૂ કરવામાં આવી.

આમ એક માટીના ખોરડાથી શરૂ થયેલ 'મુનિ સેવા આશ્રમે' આજે લગભગ ૩૦૦ એકરમાં ફેલાયેલા વિશાળ સંકુલનું રૂપ ધારણ કર્યું છે. અનુબહેનની નિઃસ્વાર્થ સેવાની કદર રૂપે ઈ.સ. ૧૯૯૪નો અશોક ગોંધિયા ઍવોર્ડ તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. ઈ.સ. ૨૦૦૧માં અનુબહેનના અવસાન પછી પણ તેમનું આ ભગીરથ સેવાકાર્ય ડૉ. વિક્રમ પટેલ સહિત અનેક સેવાભાવી કાર્યકરો આગળ ધપાવી રહ્યાં છે.

**–રાજશ્રી મહાદેવિયા**

**('નારીકોશ')**

**(સૌજન્ય સ્વીકાર)**

*

# ॥ શ્રીઅનસૂયા સારાભાઈ ॥

પિતા સારાભાઈ તથા માતા ગોદાવરીબહેનને ઘેર અનસૂયા બહેનનો જન્મ થયો. ૯ વર્ષની વયે માતા-પિતાનું અવસાન થતાં તેઓનો ઉછેર તેમના કાકા ચિમનભાઈએ કર્યો. અંબાલાલ સારાભાઈ તેમના નાના ભાઈ હતા. ૧૩ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન થયાં, પણ લગ્ન સફળ થયાં નહિ. તેઓ સાસરેથી પાછાં આવી ગયાં. તેમણે ફરીથી ભણવાનું નક્કી કર્યું અને દાક્તરી અભ્યાસ કરવા માટે ૧૯૧૨માં લંડન ગયાં. આ માટે અંબાલાલભાઈએ તેમને ઘણો સહકાર આપ્યો. દાક્તર બનવા માટે

પ્રાણીઓની વાઢકાપ કરવી પડી તે તેમના જૈન સંસ્કારોને રુચ્યું નહિ. આથી સમાજશાસ્ત્રને લગતા સ્ત્રીઓ તથા મજૂરોના પ્રશ્નો પર ધ્યાન ખેંચાયું અને મજૂર મહાજન સંઘનાં બીજ તેમના મનમાં રોપાયાં અને ૧૯૨૦માં મજૂર મહાજન સંઘની સ્થાપના કરી.

એક દિવસ એક વિદેશી સજ્જન, અંબાલાલભાઈને ત્યાં આવી ચડ્યા. તે વખતે અનસૂયાબહેન ઘેર હતાં. તે વિદેશી ભાઈ મિ. પોલાક હતા, જે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના મદદનીશ હતા. તેઓ ભૂલથી અંબાલાલ સારાભાઈને ઘેર આવી ગયા હતા ! પરંતુ આ ભૂલ શુભ હેતુરૂપ નીવડી. એને લીધે આ કુટુંબને મહાત્મા ગાંધીજી સાથેના નિકટ પરિચયમાં આવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. અનસૂયાબહેન પણ પોલાકની વાતો સાંભળી ગાંધીજીનાં મનોમન પ્રશંસક બની ગયાં. સારાભાઈ કુટુંબ ગાંધીજીનું પરમ ભક્ત બની ગયું. મહાત્મા ગાંધીજી, અનસૂયાબહેનના જીવનભરના રાહબર જ બની ગયા.

ભારત પાછાં આવી અનસૂયાબહેને અંબાલાલભાઈની સલાહથી મજૂરોની ચાલીમાં મજૂરો, મજૂરોની સ્ત્રીઓ અને બાળકોની સેવા કરવાનું શરૂ કર્યું. તેઓએ સૌપ્રથમ મજૂર બાળકો માટે શાળા ખોલી. આખા ભારત દેશમાં આ પ્રથમ શાળા હતી જે મજૂર બાળકો માટે હતી. શાળા તો ખોલી પણ બાળકો બીકનાં માર્યાં પાસે આવે નહિ અને નાસી જાય. પિપરમીટ આપે તો લઈને ભાગી જાય. બાળકો પણ મેલાંઘેલાં, નાગાંપૂગાં, નાક દદડતાં, વાળમાં જૂ, આંખો આવેલી, દુર્બળ અને હતાશ એવાં બાળકોની સાથે અનસૂયાબહેને કામ શરૂ કર્યું. સૌપ્રથમ તો તેમને સ્વચ્છ કર્યાં, નવરાવીને વાળમાં તેલ નાખી સુઘડ કર્યાં. તેમના માટે ઘરના પડદા ફાડી કપડાં તૈયાર કરાવ્યાં.

આમ બાળશાળા શરૂ થઈ અને હિંદની રાષ્ટ્રીય મજૂરપ્રવૃત્તિનું ઉદ્ગમસ્થાન બની.

ગાંધીજીએ આ શાળાનું કામ ઝીણવટથી જોયું અને અનસૂયાબહેનના કાર્ય માટે તેમનો પ્રેમ વધ્યો. અનસૂયાબહેને જોયું કે આ બાળકોની પાસે બે જુદાં જુદાં નામે બાર બાર કલાક કામ લેવાતું, તે બંધ કરાવ્યું. આમ અનસૂયાબહેનની સેવાની સુવાસ ફેલાવા લાગી. મજૂર સમાજમાં તેઓ દીનદુખિયાંના બેલી તરીકે જાણીતાં થઈ ગયાં. તેઓ મજૂરોની ગરીબ હાલત, કામના લાંબા સમય, ટૂંકા પગાર જેવા પ્રશ્નોથી વાકેફ થયાં. મજૂરોને અનસૂયાબહેનમાં વિશ્વાસ પડવા લાગ્યો. મજૂરો પોતાને થતા અન્યાય માટે લડત આપવા તથા હડતાળ પાડવા તૈયાર થયા. તેઓએ અનસૂયાબહેનને આ આંદોલનની આગેવાની લેવા વિનંતી કરી. મિલમાલિક મંડળના પ્રમુખ અંબાલાલભાઈ અને આંદોલનના પ્રમુખ તેમનાં મોટાં બહેન. આ લડતમાં ગાંધીજીનું માર્ગદર્શન પણ મળવા માંડ્યું. આ લડત ત્રણ મહિના ચાલી. બંને સગાં ભાઈ-બહેન સિદ્ધાંત અને લડત માટે પૂરેપૂરાં મક્કમ અને તોય તેમના અરસપરસના સ્નેહભાવમાં જરા પણ અસર ન વરતાય. છેવટે બંને પક્ષે મળીને સમાધાન કર્યું અને અમદાવાદમાં મજૂર મહાજન સંઘની સ્થાપના થઈ, જેનું સંચાલન અનસૂયાબહેને તેના પ્રમુખ થઈ બાવન વર્ષ સુધી, તેમના મૃત્યુપર્યંત સંભાળ્યું. આમ તેઓએ પોતાનું સમગ્ર જીવન મજૂરોના કલ્યાણ માટે સમર્પિત કર્યું.

**—અંજના ભગવતી**

**('નારીકોશ')**

**(સૌજન્ય સ્વીકાર)**

✻

## ॥ શ્રીઅનુરાધા કોઈરાલા ॥

**(જ.૧૪ એપ્રિલ, ૧૯૪૯, નેપાળ) નેપાળનાં સાહસિક અને બહાદુર સમાજસેવિકા.**

અનુરાધાએ દેહવિક્રયના વ્યવસાયમાં જબરજસ્તીથી ધકેલાતી યુવતીઓને બચાવવાનું સાહસિક બીડું ઝડપ્યું. દેહવ્યાપરના દલાલો અને ઠેકેદારોની વગ એટલી મોટી હોય છે કે તેમની સામે બાથ ભીડવાનું ભાગ્યે જ કોઈ વિચારી શકે. તેમની સામે અવાજ ઉઠાવતાં પોલીસ પણ અચકાય છે. આવા સમયે સાવ સુકલકડી બાંધાનાં અનુરાધાએ આ દૂષણ સામે અવાજ તો ઉઠાવ્યો, એટલું જ નહિ, પણ સાથે દેહવિક્રયમાં ધકેલાયેલી યુવતીઓના પુનર્વસનનો પડકાર પણ ઝીલી લીધો. આ કાર્ય તેઓ છેલ્લાં વીસથી પણ વધુ વર્ષોથી કરી રહ્યાં છે.

અનુરાધાના પિતા કર્નલ પ્રતાપસિંગ ગુરુન્ગ અને માતા લક્ષ્મી ગુરુન્ગ. તેમણે કાલીમ્પોંગમાં શિક્ષણ મેળવ્યું. અહીંની સેન્ટ જોસેફ કૉન્વેન્ટ સ્કૂલનાં સિસ્ટર્સ અને મધરે તેને સામાજિક કાર્યો પ્રત્યે એકનિષ્ઠ થવા તરફ વાળ્યાં.

તેમનાં લગ્ન નાની ઉંમરે દિનેશપ્રતાપ કોઈરાલા સાથે થયાં હતાં. આ લગ્નમાં હજુ કંઈ પણ સમજણ કેળવાય તે પહેલાં જ અનુરાધાને પતિ તરફથી શારીરિક અને માનસિક અત્યાચારો સહન કરવા પડ્યા. પતિના આવા અત્યાચારોને પરિણામે ત્રણ-ત્રણ વખત અનુરાધાને ગર્ભપાતની પીડા સહન કરવી પડી. પતિ આજે બદલાશે, કાલે સુધરશે એવા વિશ્વાસ અને સુખી જીવનનાં સપનાં સાકાર થવાની શ્રદ્ધા સાથે અનુરાધા બધું જ સહન કરતાં રહ્યાં, પરંતુ પતિના અત્યાચારો અટક્યા નહિ. આખરે કંટાળીને એક દિવસ તેમણે પતિનું ઘર છોડી દીધું અને તે જ ક્ષણે નક્કી  કર્યું કે હવે તે માત્ર પોતા માટે જ નહિ, પરંતુ પોતાના જેવી અનેક પીડિત અને શોષિત મહિલાઓ માટે ઝઝૂમશે.

અનુરાધાએ લગભગ વીસ વર્ષ સુધી કાઠમંડુની આસપાસની શાળાઓમાં શિક્ષણકાર્ય કર્યું. આમાં તેમને સંતોષ તો મળતો, પરંતુ તેમને લાગ્યા કરતું કે હજી જીવનનો ઉદ્દેશ્ય પાર પાડવાનો બાકી છે. પોતાને મળતા પગારમાંથી તેઓ દર મહિને નિશ્ચિત રકમ શોષિત મહિલાઓ માટે બચાવતાં. આ જ ગાળામાં

અનુરાધાનું ધ્યાન દેહવિક્રયના ધંધામાં પરાણે ધકેલાતી નેપાળી યુવતીઓ પર ગયું. તેમણે જાણ્યું કે નેપાળથી ઘણા લોકો નોકરી વ્યવસાયની તલાશમાં ભારત સહિત આસપાસનાં પડોશી રાજ્યોમાં આવે છે. આવા ગરીબ પરિવારોની મજબૂરીનો લાભ લઈને કેટલાય દલાલો અને ઠેકેદારો યુવતીઓને નોકરી અપાવવાની લાલચ આપી, બીજા દેશોમાં જઈ દેહવિક્રયના ધંધામાં ધકેલી દે છે. અનુરાધાએ આવી યુવતીઓ માટે જીવના જોખમે પણ લડી લેવાનો નિર્ધાર કર્યો.

૧૯૯૨-૯૩ના સમયમાં શરૂઆતના તબક્કે પોલીસે અનુરાધાને સહકાર આપ્યો નહિ. અનુરાધા સતત સંઘર્ષ કરતાં રહ્યાં. એક અધિકારીથી બીજા અધિકારી, એક સામાજિક સંસ્થાથી બીજી સંસ્થામાં ગયાં અને ભારત-નેપાળ વચ્ચે સતત ફંગોળાતાં રહ્યાં. રેડ લાઈટ વિસ્તારોમાં સબડતી નેપાળી યુવતીઓની તેઓ વિગતો આપતાં અને ચર્ચા કરતાં. આખરે ધીરે ધીરે અનુરાધાની મહેનત રંગ લાવી. અનુરાધાના પ્રયાસોથી દેહવ્યાપારમાં પિસાઈ રહેલી યુવતીઓને છોડાવવા માટે પોલીસ અને સરકાર પણ સક્રિય બની. આવી યુવતીઓને બચાવવા અને તેમના પુનર્વસન કરવા માટે અનુરાધાએ 'મૈતી' (નેપાળમાં મૈતી એટલે માતાનું ઘર) નામની સંસ્થા સ્થાપી છે. પાછલાં વીસ વર્ષો દરમિયાન મૈતી અને અનુરાધા દ્વારા ૧૩,૦૦૦ જેટલી યુવતીઓ-બાળકોને દેહવિક્રયના વ્યવસાયમાંથી છોડાવીને પુનર્વસન કરાવવામાં આવ્યાં છે. તેઓ એઈડ્સથી પીડિત મહિલાઓના હક માટે પણ લડી રહ્યાં છે.

અનુરાધા કોઈરાલા તેમના ઉમદા સેવાકાર્યો બદલ ૨૦૧૦માં 'સી.એન.એન.' હીરો ઑવ્ ધ યર, મધર ટેરેસા ઍવૉર્ડ, ૨૦૧૭માં ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી ઍવૉર્ડ' —જેવા ઍવૉર્ડથી સન્માનિત થયાં છે. તેમના જીવનકાર્ય વિશે 'નેપાળ સ્ટોલન ચિલ્ડ્રન' નામનું દસ્તાવેજી ચલચિત્ર પણ બન્યું છે.

**—શુભ્રા દેસાઈ**

**('નારીકોશ')**

**(સૌજન્ય સ્વીકાર)**

Regd. No. BVHO/113/2024-2026,
Renewed upto 31-12-2026. R.N.I. No. 71957/99

**માનવતાને માટે જે સ્વાભાવિક છે તે તો પ્રેમ છે, કામ નથી. પ્રેમ જ એની પ્રકૃતિ છે ને કામ તો વિકૃતિ છે. પ્રેમ મંગલ હોવાથી પરમાત્માને પણ પ્રેમસ્વરૂપ કહેવામાં આવે છે.**

**- શ્રીયોગેશ્વરજી**

Permitted to SPO's Bhavnagar, Posted at RMS Office Bhavnagar
on 1st of every month. Total Volume Pages 68,
Price per copy Rs.8/- Annual Subscription Rs.25/-